# 4

# નાણાકીય પત્રકોનું વિશ્લેષણ
# (Analysis of Financial Statements)


| | |
|---|---|
| 1. પ્રસ્તાવના | 9. નાણાકીય વિશ્લેષણના ઉપયોગકર્તાઓ |
| 2. નાણાકીય પત્રકોનો અર્થ | 10. નાણાકીય પત્રકોના વિશ્લેષણની મર્યાદાઓ |
| 3. નાણાકીય પત્રકોના ઉદ્દેશો અને પ્રકારો | 11. તુલનાત્મક નાણાકીય પત્રકોનું મહત્ત્વ |
| 4. નાણાકીય પત્રકોનું મહત્ત્વ | 12. નાણાકીય પત્રકોના વિશ્લેષણના તબક્કાઓ |
| 5. નાણાકીય વિશ્લેષણનો અર્થ | 13. નાણાકીય પત્રકોના વિશ્લેષણનો સાધનો |
| 6. નાણાકીય વિશ્લેષણના પ્રકારો | 14. તુલનાત્મક પત્રકો |
| 7. નાણાકીય વિશ્લેષણના હેતુઓ | 15. સમાન માપનાં પત્રકો |
| 8. નાણાકીય વિશ્લેષણના ઉપયોગો | – સ્વાધ્યાય |


**1. પ્રસ્તાવના (Introduction)**

ધંધાકીય અને બિનધંધાકીય એકમ દ્વારા નાણાકીય વ્યવહારો કરવામાં આવતા હોય છે. આ નાણાકીય વ્યવહારોને હિસાબી પદ્ધતિના નિયમો અને સિદ્ધાંતો પ્રમાણે નોંધવામાં આવે છે. આ નાણાકીય વ્યવહારો હિસાબી પદ્ધતિના જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થાય છે. આ તબક્કાઓની શરૂઆત આમનોંધથી થાય છે. આ તબક્કાઓમાં છેલ્લે એકમના વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવે છે. આ અંગે આપણે ધોરણ 11માં અભ્યાસ કર્યો છે. આ અગાઉના પ્રકરણમાં પણ કંપનીના વાર્ષિક હિસાબો અંગે આપણે અભ્યાસ કર્યો છે. વાર્ષિક હિસાબોનાં અંગોમાં વેપાર ખાતું, નફા-નુકસાન ખાતું (જેને આવકનું પત્રક પણ કહેવામાં આવે છે) અને પાકાં સરવૈયાંનો સમાવેશ થાય છે. આ ત્રણેય અંગો નાણાકીય પત્રકો છે. આ ઉપરાંત નાણાકીય પત્રકોમાં રોકડ પ્રવાહનું પત્રક, ભંડોળ પ્રવાહનું પત્રકનો પણ સમાવેશ થાય છે. આ નાણાકીય પત્રકો જે-તે એકમના નિર્ધારિત સમયના થયેલા નાણાકીય વ્યવહારોનાં પરિણામ અંગેની માહિતી આપે છે. દા.ત., કેટલા રૂપિયાનો કાચો નફો થયો છે ? કેટલા રૂપિયાનો ચોખ્ખો નફો થયો છે ? કેટલા રૂપિયાની બિનચાલુ મિલકતો છે ? કેટલા રૂપિયાનાં બિનચાલુ દેવાં છે ? વગેરે જેવી બાબતો અંગે માહિતી આપે છે. આ નાણાકીય પત્રકો ઐતિહાસિક માહિતી રજૂ કરે છે. આ નાણાકીય પત્રકો હિસાબી સમય દરમિયાન થયેલા નાણાકીય વ્યવહારોનું પરિણામ રજૂ કરે છે. ટૂંકમાં નફા-નુકસાન ખાતું એકમનું ધંધાકીય પરિણામ દર્શાવે છે અને પાકું સરવૈયું ધંધાની આર્થિક સ્થિતિ દર્શાવે છે. રોકડ પ્રવાહ પત્રક અંગે હવે પછી ચર્ચા કરવામાં આવેલ છે (રોકડ પ્રવાહ પત્રક પણ એકમની નાણાકીય કામગીરીની આવક રોકડ પ્રવાહ અને જાવક રોકડ પ્રવાહના કારણે ઉપજેલ તફાવતનું પરિણામ દર્શાવે છે.)

નાણાકીય પત્રકો ધંધાનું પરિણામ શું છે તે દર્શાવે છે પણ આ પરિણામ આવું કેમ છે ? તે દર્શાવતા નથી. પરિણામ અંગેનાં જવાબદાર પરિબળો જાણી શકાતા નથી. નાણાકીય પત્રકોનાં જુદાં જુદાં ઘટકોનો એકબીજા સાથે કેવો સંબંધ છે ? તે જાણી શકાતું નથી. (જોકે નાણાકીય પત્રકોનો હેતુ નિર્ધારિત છે અને તે હેતુ માટે જ નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવે છે.) દા.ત., એક કંપનીનું વેચાણ ₹ 80,000 છે. આખરનો સ્ટૉક ₹ 20,000 છે. શરૂઆતનો સ્ટૉક ₹ 10,000 છે. ખરીદી ₹ 50,000ની છે, તો કંપનીનો કાચો નફો ₹ 40,000 કહેવાય. જેની ગણતરી પાના નંબર 154 પર દર્શાવ્યા પ્રમાણે કરવામાં આવે છે :

### વેપાર ખાતું

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 10,000 | વેચાણ | 80,000 |
| ખરીદી | 50,000 | આખરસ્ટૉક | 20,000 |
| કાચો નફો | 40,000 | | |
| | **1,00,000** | | **1,00,000** |

અહીં કાચો નફો એ ખરીદ-વેચાણનાં નાણાકીય વ્યવહારોનું પરિણામ છે. વેપાર ખાતું એ ₹ 40,000ના પરિણામની માહિતી આપે છે.

આ વ્યવહારોને અન્ય રીતે નીચે પ્રમાણે રજૂ કરી શકાય. આ પ્રમાણે રજૂ થયેલ માહિતીનું અર્થઘટન કરી શકાય. આ અર્થઘટન વિશ્લેષણની પ્રક્રિયા છે.

| વિગત | | (₹) |
|---|---|---|
| વેચાણ | | 80,000 |
| **બાદ :** વેચેલ માલની પડતર | | |
| શરૂઆતનો સ્ટૉક | 10,000 | |
| + ખરીદી | 50,000 | |
| | 60,000 | |
| – આખરસ્ટૉક | 20,000 | 40,000 |
| **કાચો નફો** | | **40,000** |

અહીં (i) ₹ 40,000ની પડતરકિંમતનો માલ ₹ 80,000માં વેચ્યો છે, તેથી ₹ 40,000નો નફો થયો છે. ₹ 40,000 પરિણામ છે. પણ આ પરિણામનું સર્જન કરનારાં પરિબળોમાં વેચાણ, આખરનો સ્ટૉક, ખરીદી, શરૂઆતના સ્ટૉકનો સમાવેશ થાય છે. એક પણ પરિબળમાં ફેરફાર થાય તો પરિણામ બદલાય છે. દા.ત., ઉપર દર્શાવેલ ઉદાહરણમાં આખરસ્ટૉક ₹ 20,000ના બદલે ₹ 24,000 હોય તો વેચેલ માલની પડતર ₹ 40,000ના બદલે ₹ 36,000 થાય અને કાચો નફો ₹ 40,000ના બદલે ₹ 44,000 થાય. આમ, વિશ્લેષણ દ્વારા પરિણામ પર અસરકર્તા પરિબળો અંગેની જાણકારી મળે છે.

(ii) કાચા નફાનું સર્જન વેચાણમાંથી થાય છે તેથી વેચાણમાં નફાનું પ્રમાણ $\frac{\text{40,000 કાચો નફો}}{\text{80,000 વેચાણ}} \times 100 = 50\ \%$ છે.

કાચા નફો એ વેચાણ સાથે સંબંધ ધરાવે છે. અન્ય પરિબળો યથાવત્ રહે અને વેચાણમાં વધારો થાય તો કાચા નફામાં વધારો થાય છે. કાચા નફાના પ્રમાણમાં વધારો થાય છે. ઉપરનાં ઉદાહરણમાં વેચાણ ₹ 1,00,000 દર્શાવવામાં આવે અને અન્ય પરિબળો યથાવત્ રહે એટલે કે વેચેલ માલની પડતર ₹ 40,000 રહે તો કાચો નફો વધીને ₹ 60,000 થશે. આમ, વેચાણ વધારાની અસર પ્રત્યક્ષ રીતે કાચા નફા પર થાય છે. આ અંગેની જાણકારી વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત થાય છે.

₹ 40,000નો કાચો નફો કેવી રીતે થયો ? વેચાણમાં કાચા નફાનું પ્રમાણ કેટલું છે ? તે અંગે નાણાકીય પત્રકોમાં રજૂ થયેલ માહિતી કે પરિણામોને અન્ય રીતે રજૂ કરીને તેનું અર્થઘટન કરવામાં આવે છે. આ અર્થઘટનની પ્રક્રિયાને વિશ્લેષણ કહેવામાં આવે છે.

આમ, નાણાકીય પત્રકોમાં આપેલ માહિતીનું કે પરિણામનું અર્થઘટન કરવામાં આવે તેને વિશ્લેષણ કહેવામાં આવે છે.

- **નાણાકીય પત્રકોનું વિશ્લેષણ :**

કયાં સાધનો દ્વારા કરવામાં આવે છે ?

વિશ્લેષણ માટે કઈ વિધિનો ઉપયોગ કરવામાં આવે છે ?

કોને ઉપયોગી છે ?

તેના કયા હેતુઓ છે ?

આ તમામ પ્રકારના પ્રશ્નોના જવાબ અંગેનો અભ્યાસ આ પ્રકરણમાં કરવાનો છે.

આ અગાઉના પ્રકરણમાં કંપનીનાં નાણાકીય પત્રકોનો અભ્યાસ કર્યો છે અને ધોરણ 11ના ભાગ 2ના પ્રકરણ 5(ધંધાકીય એકમોનાં નાણાકીય (હિસાબી) પત્રકો)માં અભ્યાસ કર્યો છે. તેથી તે અંગેની ચર્ચા અહીં કરવામાં આવેલ નથી.

નાણાકીય પત્રકોનાં વિશ્લેષણ અંગેની માહિતી નીચે પ્રમાણે આપવામાં આવી છે.

## 2. નાણાકીય પત્રકોનો અર્થ (Meaning of Financial Statements)

ધંધાકીય અને બિનધંધાકીય એકમો દ્વારા પોતાના હિસાબો રાખવામાં આવે છે. આ હિસાબો રાખવા અંગે હિસાબી પદ્ધતિના નિયમો, સિદ્ધાંતો, પ્રણાલિકાઓ અને ધારણાઓને ધ્યાનમાં લેવામાં આવે છે.

નાણાકીય પત્રકો એટલે એવા પત્રકો જેના દ્વારા એકમની નાણાકીય પરિસ્થિતિનાં વિવિધ પાસાંઓનાં પરિણામોની જાણકારી મેળવી શકાતી હોય.

નાણાકીય પત્રકો ધંધાકીય એકમની વિગતવાર નાણાકીય પરિસ્થિતિ દર્શાવતો વ્યવસ્થિત રીતે તૈયાર થયેલ અહેવાલ છે.

## 3. નાણાકીય પત્રકોના ઉદ્દેશો અને પ્રકારો (Objectives and Types of Financial Statements)

- **ઉદ્દેશો :**

હિસાબી પદ્ધતિમાં જુદા જુદા નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવે છે. દરેક નાણાકીય પત્રકનું અલગ અસ્તિત્વ અને ઉપયોગ છે. આ નાણાકીય પત્રકોમાં નફા-નુકસાન ખાતું (આવકનું પત્રક), પાકું સરવૈયું અને રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરવામાં આવે છે. (આ સિવાય પણ અન્ય નાણાકીય પત્રકો તૈયાર થાય છે પણ તેનો અભ્યાસમાં સમાવેશ થયેલ નથી એટલે તેની અહીં ચર્ચા કરેલ નથી.) દરેક નાણાકીય પત્રક વિશિષ્ટ પ્રકારના ઉદ્દેશથી તૈયાર કરવામાં આવે છે. જેની ટૂંકમાં સમજૂતી નીચે પ્રમાણે છે :

**(1) ધંધાકીય એકમનો નફો કે નુકસાન જાણવા માટે :** ધંધાકીય એકમ દ્વારા વર્ષ દરમિયાન મહેસૂલી પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ આવક અને જાવક બંને પ્રકારની હોય છે. જો જાવકો કરતાં આવકો વધુ હોય તો તફાવત **નફા** તરીકે ઓળખાય છે. જો આવકો કરતાં જાવકો વધુ હોય તો તફાવત **નુકસાન** તરીકે ઓળખાય છે. આ નફા કે નુકસાન અંગેની માહિતી નિર્ધારિત નાણાકીય પત્રક દ્વારા મળે છે. આ પત્રકને આવકનું પત્રક કહેવાય છે. તેથી નાણાકીય પત્રકનો પ્રથમ ઉદ્દેશ ધંધાકીય એકમનો નફો કે નુકસાન જાણવાનો છે.

**(2) ધંધાકીય એકમની આર્થિક સ્થિતિ જાણવા :** ધંધાની આર્થિક સ્થિતિ મિલકતો અને દેવાંના તફાવતના આધારે નક્કી થાય છે, જ્યારે મિલકતોનું મૂલ્ય દેવાં કરતાં વધુ હોય તો આર્થિક સ્થિતિ સારી કહેવાય છે. જ્યારે મિલકતોનું મૂલ્ય દેવાં કરતાં ઓછું હોય તો આર્થિક સ્થિતિ નબળી કહેવાય છે. આ માહિતી નિર્ધારિત પત્રક દ્વારા મળે છે. જેને પાકું સરવૈયું કહેવાય છે. નાણાકીય પત્રક તૈયાર કરવાનો બીજો ઉદ્દેશ ધંધાકીય એકમની આર્થિક સ્થિતિ જાણવાનો છે.

**(3) ધંધાકીય એકમની રોકડ પ્રવાહની સ્થિતિ જાણવા :** ધંધાકીય એકમમાં વર્ષ દરમિયાન રોકડ આવક અને જાવક અંગેના વ્યવહારો થાય છે. રોકડ આવક પ્રવાહ કઈ કઈ પ્રવૃત્તિઓમાંથી પ્રાપ્ત થયો છે અને રોકડ જાવક પ્રવાહ કઈ કઈ પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાયો છે, તે અંગેની માહિતી નિર્ધારિત પત્રક દ્વારા મળે છે. આ પત્રકને રોકડ પ્રવાહ પત્રક તરીકે ઓળખવામાં આવે છે. નાણાકીય પત્રક તૈયાર કરવાનો ત્રીજો ઉદ્દેશ ધંધાકીય એકમના રોકડ આવક-જાવક પ્રવાહની જાણકારી મેળવવાનો છે.

ટૂંકમાં,

| ક્રમ | નાણાકીય પત્રક | ઉદ્દેશ |
|---|---|---|
| (1) | આવકનું પત્રક (નફા-નુકસાનું ખાતું) | ધંધાકીય એકમનો નિર્ધારિત સમયનો નફો કે નુકસાન જાણવા માટે આ પત્રક તૈયાર કરવામાં આવે છે. |
| (2) | પાકું સરવૈયું | ધંધાકીય એકમની નિર્ધારિત દિવસની આર્થિક સ્થિતિ જાણવા માટે આ પત્રક તૈયાર કરવામાં આવે છે. |
| (3) | રોકડ પ્રવાહનું પત્રક | ધંધાકીય એકમના નિર્ધારિત સમયના રોકડ આવક પ્રવાહ અને જાવક પ્રવાહ અંગે જાણકારી માટે આ પત્રક તૈયાર કરવામાં આવે છે. |

**4. નાણાકીય પત્રકોનું મહત્ત્વ (Significance of Financial Statements)**

નાણાકીય પત્રકોમાં દર્શાવેલ માહિતી ધંધાકીય એકમ સાથે વર્તમાનમાં સંકળાયેલ અને ભવિષ્યમાં જોડાવા માંગતા તમામ પક્ષકારો માટે ઉપયોગી છે. સંચાલકો, વર્તમાન અને ભાવિ રોકાણકારો, ધિરાણ પૂરું પાડનારાઓ, ટૂંકા ગાળાનાં લેણદારો, કર્મચારીઓ, ગ્રાહકો, સરકારો અને જુદી જુદી એજન્સીઓની જુદા જુદા પ્રકારની માહિતીની જરૂરિયાત સંતોષવા માટે નાણાકીય પત્રકોનો ઉપયોગ કરવામાં આવે છે. આ પક્ષકારો માટે નાણાકીય પત્રકો મહત્ત્વ ધરાવે છે, પણ આ નાણાકીય પત્રકોનું વિશ્લેષણ તેના મહત્ત્વની ગતિ વધારે છે.

**5. નાણાકીય વિશ્લેષણનો અર્થ (Meaning of Financial Analysis)**

નાણાકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ પૂર્વનિર્ધારિત છે. નાણાકીય પત્રકો એ માહિતી અને પરિણામો રજૂ કરે છે. પણ 'નાણાકીય પત્રકો તૈયાર થયા બાદ તેમને પુનઃગોઠવણી કરીને તેમની તુલના થઈ શકે તે સ્વરૂપે તૈયાર કરવામાં આવે છે. તુલનાત્મક સ્વરૂપે તૈયાર થયેલાં નાણાકીય પત્રકોને આધારે વિવિધ પક્ષકારો તેમના જરૂરી નિર્ણયો લેતા હોય છે.'' – આ આખી પ્રક્રિયાને વિશ્લેષણ તરીકે ઓળખવામાં આવે છે.

**6. નાણાકીય વિશ્લેષણના પ્રકારો (Types of Financial Analysis)**

નાણાકીય વિશ્લેષણનો ઉપયોગ બાહ્ય હેતુસર અને આંતરિક હેતુસર કરવામાં આવે છે. આ વિશ્લેષણ ઊભા સ્વરૂપે, આડા સ્વરૂપે તેમજ ટૂંકા ગાળા માટે અને લાંબા ગાળા માટે કરવામાં આવે છે. આ અંગે ચર્ચા નીચે પ્રમાણે છે :

નાણાકીય વિશ્લેષણના પ્રકારો જુદી જુદી રીતે રજૂ કરી શકાય છે :

(1) પક્ષકારોના આધારે : (i) બાહ્ય વિશ્લેષણ
(ii) આંતરિક વિશ્લેષણ

(2) આડા-ઊભા સ્વરૂપે : (i) આડું વિશ્લેષણ
(ii) ઊભું વિશ્લેષણ

(3) સમયના આધારે : (i) લાંબા ગાળાનું વિશ્લેષણ
(ii) ટૂંકા ગાળાનું વિશ્લેષણ

**(1) પક્ષકારોના આધારે (On the Basis of Stake-holders) :** ધંધાકીય એકમનાં નાણાકીય પત્રકોનો ઉપયોગ વિવિધ પક્ષકારો દ્વારા કરવામાં આવે છે. આ પક્ષકારોને બે રીતે વર્ગીકૃત કરી શકાય છે : (i) બાહ્ય પક્ષકાર અને (ii) આંતરિક પક્ષકાર અને આ આધારે વિશ્લેષણ થાય છે.

**(i) બાહ્ય વિશ્લેષણ (External Analysis) :** જ્યારે બાહ્ય પક્ષકારો જેવા કે સંભવિત રોકાણકારો, નાણાકીય સંસ્થાઓ, સરકારી એજન્સીઓ, ક્રેડિટ રેટિંગ એજન્સીઓ, સંશોધનકર્તાઓ વગેરે દ્વારા ધંધાકીય એકમના પ્રકાશિત હિસાબો જેવા કે આવકનું પત્રક, પાકું સરવૈયું, ઑડિટર કે ડિરેક્ટરનો અહેવાલ વગેરેનું વિશ્લેષણ કરીને પોતાના રોકાણ અંગેના તેમજ અન્ય નિર્ણયો લેવામાં આવે તો આ પ્રકારનાં વિશ્લેષણને બાહ્ય વિશ્લેષણ કહેવાય છે.

**(ii) આંતરિક વિશ્લેષણ (Internal Analysis) :** ધંધાના સંચાલકો દ્વારા, તૈયાર થયેલાં નાણાકીય પત્રકોના આધારે નિર્ણયો લેવાતા હોય છે. આ નિર્ણયોનો આધાર વિશ્લેષણ પર હોય છે. આમ, જ્યારે ધંધાના સંચાલકો દ્વારા નિર્ણયઘડતર માટે નાણાકીય પત્રકોનું વિશ્લેષણ કરવામાં આવે તેને આંતરિક વિશ્લેષણ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારનાં વિશ્લેષણ માટે ઉપલબ્ધ માહિતી વધુ સચોટ અને વિસ્તૃત સ્વરૂપે હોય છે.

**(2) આડા-ઊભા સ્વરૂપે (Horizontal or Vertical Form) :** આ પ્રકારનું વિશ્લેષણ બે રીતે કરી શકાય છે : (i) આડા સ્વરૂપે વિશ્લેષણ અને (ii) ઊભા સ્વરૂપે વિશ્લેષણ.

**(i) આડા સ્વરૂપે વિશ્લેષણ (Horizontal Analysis) :** નાણાકીય પત્રકો દર વર્ષે તૈયાર કરવામાં આવતાં હોય છે. જુદા જુદા વર્ષનાં નાણાકીય પત્રકોની તુલના કરવામાં આવે તેવા પ્રકારનાં વિશ્લેષણને આડા સ્વરૂપનું વિશ્લેષણ કહેવામાં આવે છે. આ પ્રકારનું વિશ્લેષણ લાંબા ગાળાનાં આયોજન માટે કરવામાં આવતું હોય છે. આ પ્રકારનું વિશ્લેષણ વલણ જાણવા માટે ઉપયોગી છે. આ વિશ્લેષણને સમય શ્રેણી વિશ્લેષણ તરીકે પણ ઓળખવામાં આવે છે.




ઉપરની આકૃતિમાં A પ્રકારના વિશ્લેષણમાં 2014ની સરખામણી 2013 સાથે, 2015ની 2014 સાથે એવી રીતે, ચાલુ વર્ષની જે-તે પાછલા વર્ષ સાથે સરખામણી કરી શકાય.

તેવી જ રીતે B પ્રકારના વિશ્લેષણમાં 2013ને આધાર વર્ષ ગણીને ત્યાર પછીના દરેક વર્ષ સાથે સરખામણી કરવામાં આવે છે.

ઉપર દર્શાવેલ બંને પ્રકારનાં વિશ્લેષણ - આડા પ્રકારનાં વિશ્લેષણ છે. જેમાં દા.ત., 2014માં 2013ની સરખામણીમાં નફો વધ્યો છે ? નફો ઘટ્યો છે ? મિલકતો વધી છે ? મિલકતો ઘટી છે ? વગેરે પ્રકારનાં વલણો ચકાસવામાં આવે છે. એકબીજા વર્ષનાં પત્રકોની સાથે જ્યારે સરખામણી કરવામાં આવે તેને આડા પ્રકારનું વિશ્લેષણ કહેવામાં આવે છે.

**(ii) ઊભા સ્વરૂપે વિશ્લેષણ (Vertical Analysis) :** આ પ્રકારના વિશ્લેષણનો ઉપયોગ એક જ વર્ષનાં નાણાકીય પત્રકોની સરખામણી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. કોઈ નિર્ધારિત વર્ષના જુદા જુદા ગુણોત્તરોની મદદથી એક જ વર્ષનાં જુદાં જુદાં એકમો અથવા વિભાગોની કાર્યક્ષમતાની તુલના કરવા માટે આ વિશ્લેષણનો ઉપયોગ કરવામાં આવે છે.

વર્ષ 2017ના જુદા જુદા એકમોનાં નાણાકીય પત્રકો :




**કંપની X** **કંપની Y** **કંપની Z**

એક જ વર્ષનાં જુદાં જુદાં એકમોનાં જુદાં જુદાં નાણાકીય પત્રકોની તુલનાત્મક સરખામણી એ ઊભું વિશ્લેષણ કહી શકાય. જે ઉપરની આકૃતિમાં સમજી શકાય છે.

**(3) સમયનાં આધારે (On the Basis of Duration) :** હિસાબી પદ્ધતિનો એક અગત્યનો સિદ્ધાંત છે - ચાલુ પેઢીનો સિદ્ધાંત. આ સિદ્ધાંત પ્રમાણે ધંધાકીય એકમનું અસ્તિત્વ કાયમી છે. પણ સાથે સાથે હિસાબો તૈયાર કરવા માટે હિસાબી સમયનો ખ્યાલ ધ્યાનમાં લેવાય છે. જે સામાન્ય રીતે 12 માસનો હોય છે. આ અંગે ધોરણ 11ના ભાગ 2ના પ્રકરણ 6માં જાણકારી પ્રાપ્ત કરેલ છે. એકમના હિસાબોનું વિશ્લેષણ લાંબા ગાળાના સમય માટે અને ટૂંકા ગાળાના સમય માટે કરી શકાય. આ અંગે સમજૂતી નીચે મુજબ છે :

**(i) લાંબા ગાળાનું વિશ્લેષણ (Long Term Analysis) :** ઘણા પક્ષકારો જેવા કે ડિબેન્ચરહોલ્ડર્સ, નાણાકીય સંસ્થાઓ, ભાવિ રોકાણકારો દ્વારા પોતાનાં ભંડોળનું કોર્પોરેટ સ્વરૂપનાં ધંધામાં રોકાણ કરવાનું હોય ત્યારે તેઓ એકમનાં નાણાકીય પત્રકોના આધારે લાંબા ગાળાનું વિશ્લેષણ હાથ ધરે છે. જેના માટે એક કરતાં વધુ વર્ષોની માહિતીની જરૂરી પડે છે. આ પક્ષકારો દ્વારા લાંબા ગાળાના વિશ્લેષણની મદદથી એકમની લાંબા ગાળાની સધ્ધરતા, નફાકારકતા, તરલતા, કાર્યક્ષમતા હાલમાં કેવી છે ? ભવિષ્યમાં કેવી હશે ? તે અંગે કરવામાં આવતા વિશ્લેષણના આધારે અનુમાન બાંધે છે. ટૂંકમાં લાંબા ગાળાના વિશ્લેષણમાં એક કરતાં વધુ વર્ષોનાં નાણાકીય પત્રકોના આધારે ઉપરનાં પાસાં અંગે અવલોકન કરવામાં આવે છે.

**(ii) ટૂંકા ગાળાનું વિશ્લેષણ (Short Term Analysis) :** આ પ્રકારનું વિશ્લેષણ ધંધાકીય એકમની ટૂંકા ગાળાની સધ્ધરતા અને તરલતા માપવા માટે કરવામાં આવે છે. આ પ્રકારનું વિશ્લેષણ કંપનીને ટૂંકા ગાળાનું ધિરાણ કરનારાઓ માટે તેમજ કાચો માલ પૂરો પાડનારા વેપારીઓ દ્વારા કરવામાં આવે છે.

ઉપર ચર્ચા કર્યા પ્રમાણે નાણાકીય પત્રકોનું વિશ્લેષણ જુદા જુદા સ્વરૂપે જુદા જુદા હેતુઓ માટે કરી શકાય છે. નાણાકીય પત્રકોનાં વિશ્લેષણમાં એક વર્ષ કે તેનાથી વધુ વર્ષોનાં નાણાકીય પત્રકો ધ્યાનમાં લેવામાં આવે છે. નાણાકીય વિશ્લેષણનાં આધારે વિવિધ પક્ષકારો પોતાને સુસંગત નિર્ણયો લેતા હોય છે. હવે નાણાકીય પત્રકોના વિશ્લેષણના હેતુઓ અંગે અભ્યાસ કરીએ.

## 7. નાણાકીય વિશ્લેષણના હેતુઓ (Objectives of Financial Analysis)

નાણાકીય વિશ્લેષણ વિવિધ પ્રકારના પક્ષકારો માટે વિવિધ પ્રકારના હેતુઓ ધરાવે છે. નાણાકીય વિશ્લેષણના અગત્યના હેતુઓની ચર્ચા નીચે દર્શાવેલ છે :

**(1) કમાણીની ક્ષમતાનું મૂલ્યાંકન (Evaluation of Earning Capacity) :** નાણાકીય હિસાબો સામાન્ય રીતે 12 માસના સમયગાળા માટે તૈયાર કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન એકમની કમાણીની ક્ષમતા કેટલી છે, તેનું વિશ્લેષણ વિવિધ પ્રકારના ગુણોત્તરોની મદદથી જાણી શકાય છે. ઉપરાંત આવનાર વર્ષોમાં એકમની કમાણીની ક્ષમતા અંગે આધારણ (અનુમાન) પણ કરી શકાય છે. મોટા ભાગે તમામ પ્રકારના પક્ષકારો પોતાના રોકાણના નિર્ણયો લેવા માટે અથવા અભ્યાસના હેતુસર એકમની વર્તમાન અને ભવિષ્યની કમાણીની ક્ષમતા વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરતાં હોય છે.

**(2) કાર્યક્ષમતાનું મૂલ્યાંકન (Efficiency Evaluation) :** એકમ દ્વારા વિવિધ પ્રકારની મિલકતો પોતાના ધંધાને અનુરૂપ ધારણ કરવામાં આવે છે. આ મિલકતોની મદદથી ઉત્પાદન કરી વેચાણ કરવામાં આવે છે અને સેવાઓ પૂરી પાડવામાં આવતી હોય છે. આ મિલકતોનો ઉપયોગ મહત્તમ કક્ષાએ થવો જોઈએ. મિલકતોનો મહત્તમ ઉપયોગ વધુ કમાણીનું સર્જન કરે છે. નાણાકીય વિશ્લેષણની મદદથી મિલકતોના ઉપયોગની કાર્યક્ષમતા અંગેનું મૂલ્યાંકન કરી શકાય છે.

**(3) સધ્ધરતાનું મૂલ્યાંકન (Solvency Evaluation) :** એકમની સધ્ધરતા બે પ્રકારોમાં વિભાજિત થાય છે, જેનો ધોરણ 11માં અભ્યાસ કર્યો છે : ટૂંકા ગાળાની સધ્ધરતા અને લાંબા ગાળાની સધ્ધરતા. વિવિધ પક્ષકારો દ્વારા એકમને માલ અને સેવાઓ શાખ પર પૂરી પાડવામાં આવતી હોય છે. આ માલ અને સેવાઓની ચૂકવણી ટૂંકા ગાળામાં કરવાની હોય છે. તેથી આ રીતે માલ અને સેવાઓ શાખ પર પૂરી પાડનારાઓ દ્વારા ધંધાની ટૂંકા ગાળાની સધ્ધરતા માપવામાં આવે છે. તેવી જ રીતે નાણાકીય સંસ્થાઓ અને બૅન્કો દ્વારા લાંબા ગાળાનું ધિરાણ કરવામાં આવે છે. તેમના દ્વારા ધંધાની લાંબા ગાળાની સધ્ધરતાનું મૂલ્યાંકન અને આધારણ કરવામાં આવે છે. નાણાકીય વિશ્લેષણ દ્વારા ધંધાની ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની સધ્ધરતાનું મૂલ્યાંકન કરી શકાય છે અને કરવામાં આવે છે.

**(4) સંચાલકોની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન (Evaluation of Managerial Efficiency) :** કંપનીના સ્વરૂપમાં ધંધાના માલિકો અને સંચાલકો અલગ પક્ષકારો છે. શૅરહોલ્ડર્સનાં નાણાંનું સંચાલન બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા કરવામાં આવે છે. ઉપરાંત ધંધાકીય એકમના અધિકારીઓ દ્વારા બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા લેવાયેલ નિર્ણયોનું અમલીકરણ કરવાનું હોય છે. તેથી બોર્ડ ઑફ ડિરેક્ટર્સના નિર્ણયોની અસરકારકતા અને યોગ્યતાનું મૂલ્યાંકન નાણાકીય વિશ્લેષણ દ્વારા કરી શકાય છે. અધિકારીઓની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન પણ આ વિશ્લેષણ દ્વારા કરી શકાય છે.

**(5) બજેટનું આયોજન (Planning for Budget) :** બજેટ એટલે ભવિષ્યમાં હાંસલ કરવાના ઉદ્દેશોનું વર્તમાનમાં જથ્થાત્મક આયોજન એટલે કે ભવિષ્યમાં હાંસલ કરવાના ઉદ્દેશો અંગે આંકડાકીય આયોજન. ભવિષ્યમાં કેટલું વેચાણ થશે ? કેટલી ખરીદી કરવી પડશે ? કેટલું ઉત્પાદન થશે ? કેટલી રોકડ જોઈએ ? કેટલા મહેસૂલી ખર્ચાઓ થશે ? કેટલા મૂડી ખર્ચાઓ થશે ? વગેરે અંગેનો અંદાજ નક્કી કરવામાં આવે છે. આ અંદાજની પ્રક્રિયા(Process of budget)ને અસરકારક બનાવવા માટે નાણાકીય પત્રકોનું વિશ્લેષણ ઉપયોગી છે.

**(6) તુલનાત્મક અભ્યાસ (Comparative Study) :** નાણાકીય વિશ્લેષણ દ્વારા બે પ્રકારની તુલના કરી શકાય છે. જેમાં પહેલી તુલના ધંધાકીય એકમ પોતાના ચાલુ વર્ષના હિસાબોની ગયા વર્ષના હિસાબો સાથે તુલના કરી શકે છે. ધંધાકીય એકમનાં વિવિધ પાસાંઓ જેવા કે નફાકારકતા, તરલતા, સધ્ધરતા, કાર્યક્ષમતા વગેરે અંગેની ગયા વર્ષનાં પરિણામો સાથે સરખામણી કરીને જે-તે પાસાની વૃદ્ધિ અંગે માહિતી મેળવી શકાય છે. અન્ય પ્રકારની તુલનામાં ધંધાકીય એકમ આ જ પાસાંઓ અંગેની સરખામણી પોતાના હરીફોનાં પરિણામો સાથે કરી શકે છે જેને આંતરપેઢી તુલના (Interfirm Comparision) કહેવામાં આવે છે. ધંધાકીય એકમ પોતાના હરીફની સરખામણીમાં પોતે સબળા છે કે નબળા છે તે અંગેની જાણકારી નાણાકીય પત્રકોનાં વિશ્લેષણના આધારે પ્રાપ્ત કરી શકે છે.

**(7) હિસાબોને સમજવામાં સરળતા (Simplicity to Understand Accounts) :** નાણાકીય હિસાબો નિર્ધારિત નિયમો, સિદ્ધાંતો અને પરિભાષાને આધારે તૈયાર કરવામાં આવે છે. નાણાકીય હિસાબોના તમામ ઉપયોગકર્તાઓ નાણાકીય હિસાબો અંગેનું સંપૂર્ણ જ્ઞાન ન પણ ધરાવતા હોય. આવા સંજોગોમાં નાણાકીય પત્રકોનું વિશ્લેષણ, નાણાકીય હિસાબોને સમજવામાં સરળતા ઊભી કરે છે. નાણાકીય હિસાબોની રજૂઆત, નાણાકીય વિશ્લેષણના આધારે વિવિધ સ્વરૂપે કરવામાં આવતી હોવાથી આના ઉપયોગકર્તાઓને હિસાબોને સમજવાની સરળતાના કારણે પોતે પોતાના રોકાણ અંગેના કે અન્ય નિર્ણયો તાર્કીક ધોરણે લઈ શકે છે. ટૂંકમાં નાણાકીય વિશ્લેષણ નાણાકીય પત્રકોને સમજવામાં સરળતા ઊભી કરે છે.

નાણાકીય પત્રકોનાં વિશ્લેષણના કારણે વિવિધ હેતુઓ પ્રાપ્ત કરી શકાય છે. આ હેતુઓ જ નાણાકીય પત્રકોનાં વિશ્લેષણનું મહત્ત્વ સમજાવે છે.

## 8. નાણાકીય વિશ્લેષણના ઉપયોગો (Uses of Financial Analysis)

નાણાકીય પત્રકોનાં વિશ્લેષણમાં સામાન્ય રીતે ચાર બાબતોનું વિશ્લેષણ કરવામાં આવે છે :

(1) નફાકારકતાનું વિશ્લેષણ : જે ધંધાની કમાણીની ક્ષમતા દર્શાવે છે.

(2) તરલતાનું વિશ્લેષણ : જે ધંધાની ટૂંકા ગાળાની સધ્ધરતા દર્શાવે છે.

(3) સધ્ધરતાનું વિશ્લેષણ : જે ધંધાની લાંબા ગાળાની સધ્ધરતા દર્શાવે છે.

(4) કાર્યક્ષમતાનું વિશ્લેષણ : જે મિલકતોના ઉપયોગ અંગેની માહિતી દર્શાવે છે.

(આ અંગે વિગતવાર ચર્ચા ગુણોત્તર વિશ્લેષણના પ્રકરણમાં હવે પછી કરવામાં આવેલ છે.)

ઉપર દર્શાવેલ વિશ્લેષણના પ્રકારોના આધારે વિવિધ પક્ષકારો દ્વારા વિવિધ પ્રકારના નિર્ણયો લેવામાં આવે છે, જે ટૂંકમાં નીચે પ્રમાણે વર્ણવી શકાય :

**(1) ડિવિડન્ડના નિર્ણય માટે (For Dividend Decision) :** કંપની સ્વરૂપમાં ડિવિડન્ડ નિર્ણયનું વિશ્લેષણ પક્ષકારો દ્વારા કરવામાં આવે છે – જેમાં વર્તમાન રોકાણકારો, સંભવિત રોકાણકારો અને કંપની પોતે. ડિવિડન્ડ તરીકે કેટલી રકમ ચૂકવી શકાશે ? તે બાબત કંપનીના સંચાલકો નક્કી કરે છે. ડિવિડન્ડની કેટલી રકમ મળશે ? તે બાબત અંગેનો અંદાજ રોકાણકારો

કરતાં હોય છે. ડિવિડન્ડ અંગેનો નિર્ણય ઉપર દર્શાવેલ નફાકારકતા વિશ્લેષણના આધારે નક્કી કરવામાં આવતો હોય છે. ડિવિડન્ડની ચૂકવણી કંપનીની કમાણીની ક્ષમતા પર આધાર રાખે છે. આ બાબત નફાકારકતા વિશ્લેષણના આધારે નક્કી થઈ શકે છે. ડિવિડન્ડ ચૂકવણીના નિર્ણય માટે નાણાકીય પત્રકોનું વિશ્લેષણ ઉપયોગી છે.

**(2) રોકાણના નિર્ણય માટે (For Investment Decision) :** રોકાણકારો કંપનીમાં રોકાણ ખાસ કરીને બે હેતુઓ માટે કરતાં હોય છે : (i) ડિવિડન્ડ કે વ્યાજની નિયમિત આવક મેળવવા માટે (ii) મૂડી વધારા (Capital appreciation) માટે. આ બંને બાબતો અંગેની જાણકારી અનુક્રમે નફાકારકતા અને સધ્ધરતાનાં વિશ્લેષણના આધારે જાણી શકાય છે. તેથી રોકાણકારો પોતાના નિર્ણય અંગે પણ આનો ઉપયોગ કરે છે.

**(3) ધિરાણના નિર્ણય માટે (For Lending Decision) :** બૅન્કો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ધંધાકીય એકમોને ટૂંકા ગાળા અને લાંબા ગાળાનું ધિરાણ આપવામાં આવે છે. આ ધિરાણ કેટલા અંશે સુરક્ષિત છે, તે જાણવા માટે ટૂંકા ગાળા અને લાંબા ગાળાની સધ્ધરતા માટે પણ આ વિશ્લેષણ ઉપયોગી છે.

**(4) ધિરાણ મેળવવાના નિર્ણય માટે (For Borrowing Decision) :** આ નિર્ણય ધંધાકીય એકમને અંગત રીતે ઉપયોગી છે. પોતાનાં નાણાકીય પત્રકોનાં વિશ્લેષણના આધારે નક્કી કરી શકે છે કે તેમને કેટલું ધિરાણ બજારમાંથી મળી શકશે ? તેના આધારે પોતાના નવા રોકાણ અંગેની બાબતો નક્કી કરી શકે છે.

### 9. નાણાકીય વિશ્લેષણના ઉપયોગકર્તાઓ (Users of Financial Analysis)

નાણાકીય પત્રકોમાં દર્શાવેલ માહિતી સીધી રીતે ઉપયોગમાં લઈ શકાય છે, પરંતુ વિશ્લેષણ કર્યા પછી નાણાકીય પત્રકોની માહિતી વધુ સ્પષ્ટ અને સમજયુક્ત બને છે. આથી તમામ સંબંધિત પક્ષકારો પોતાના નિર્ણયો યોગ્ય રીતે લઈ શકે છે. આ વિશ્લેષણ

- આંતરિક હેતુ માટે
- બાહ્ય પક્ષકારો માટે
- ટૂંકા ગાળાના નિર્ણયો માટે
- લાંબા ગાળાના નિર્ણયો માટે
- વર્તમાન રોકાણકારો માટે
- સંભવિત રોકાણકારો માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

### 10. નાણાકીય પત્રકોના વિશ્લેષણની મર્યાદાઓ (Limitations of Analysis of Financial Statements)

નાણાકીય પત્રકોનું વિશ્લેષણ વિવિધ સ્વરૂપે કરવામાં આવે છે. આ વિશ્લેષણ વિવિધ પક્ષકારો માટે ઉપયોગી છે. વિવિધ પક્ષકારો ધંધાકીય એકમની સારી બાબતો અને નબળી બાબતો અંગેની સમજપૂર્વકની જાણકારી આ વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરી શકે છે. આમ છતાં નાણાકીય પત્રકોનું વિશ્લેષણ અમુક મર્યાદાઓ ધરાવે છે. તેથી જ્યારે પણ નાણાકીય પત્રકોનું વિશ્લેષણ હાથ ધરવામાં આવે ત્યારે આ મર્યાદાઓ ચોક્કસ ધ્યાનમાં રાખવી જોઈએ, જે નીચે પ્રમાણે છે :

**(1) ઐતિહાસિક માહિતી (Historical Data) :** નાણાકીય હિસાબો એ ધંધાકીય એકમ દ્વારા થયેલા વ્યવહારોના આધારે તૈયાર કરવામાં આવે છે. તેથી નાણાકીય હિસાબોને ઐતિહાસિક હિસાબો તરીકે ઓળખવામાં આવે છે. નાણાકીય પત્રકોનું વિશ્લેષણ ઐતિહાસિક બાબતો પર આધારિત છે. આ વિશ્લેષણમાં ભવિષ્યનું આધારણ કરી શકાય છે. જ્યારે શૅરહોલ્ડર્સ અને અન્ય પક્ષકારોને ધંધાકીય એકમના ભવિષ્યમાં વધુ રસ હોય છે. જે આ વિશ્લેષણમાંથી મળતું નથી, પણ ભવિષ્યની પરિસ્થિતિનો અંદાજ બાંધી શકાય છે.

**(2) ફુગાવાની અવગણના (Ignorance of Inflation) :** ફુગાવાના કારણે નાણાકીય પત્રકોમાં દર્શાવેલ કિંમતો અવાસ્તવિક ચિત્ર રજૂ કરે છે. નાણાકીય પત્રકોમાં ખાસ કરીને મિલકતોના મૂલ્યાંકન વખતે ભાવ ફેરફારોને અવગણવામાં આવે છે. મિલકતોની જૂની કિંમત દર્શાવાય છે અને તેની પુનઃસ્થાપના કિંમત જે ખરેખર વધુ હોય છે, તે ધ્યાનમાં લેવામાં આવતી નથી. આવકનું પત્રક વર્તમાન કિંમતે તૈયાર થાય છે જ્યારે પાકું સરવૈયું ભૂતકાળની ખરેખર કિંમતો દર્શાવે છે.

આમ નાણાકીય પત્રકોમાં એક પત્રક વર્તમાન કિંમતે તૈયાર થાય છે. અન્ય નાણાકીય પત્રક (પાકું સરવૈયું), ભૂતકાળમાં દર્શાવેલ કિંમતે તૈયાર થાય છે. ટૂંકમાં નાણાં મૂલ્યને પૂર્ણ રીતે ધ્યાનમાં લેવામાં આવતું નથી. તેથી નાણાકીય વિશ્લેષણ દ્વારા આવતું પરિણામ યોગ્ય માર્ગદર્શન આપવામાં કદાચ નિષ્ફળ બને.

**(3) ગુણાત્મક પાસાની ગેરહાજરી (Absence of Qualitative Aspect) :** નાણાકીય પત્રકોનાં વિશ્લેષણમાં ફક્ત જથ્થાત્મક બાબતો જેમનું નાણાંમાં મૂલ્ય માપી શકાય તેને જ ધ્યાનમાં લેવાય છે, પરંતુ ધંધાકીય એકમનાં વિકાસમાં કામદારો અને સંચાલકોની ધંધાકીય એકમ પ્રત્યેની વફાદારી, પ્રામાણિકતા, નિપુણતા વગેરે જેવાં પરિબળોને ધ્યાનમાં લેવામાં આવતાં નથી. આ પરિબળો પણ ધંધાની કાર્યક્ષમતા સાથે સંબંધ ધરાવે છે. તેમનું મહત્ત્વ અહીંયા ધ્યાનમાં લેવામાં આવતું નથી. આ પણ નાણાકીય પત્રકોના વિશ્લેષણની મર્યાદા ગણી શકાય.

**(4) નાણાકીય પત્રકોની રજૂઆત પર આધારિત (Based on Presentation of Financial Statements) :** વિશ્લેષણની કામગીરી નાણાકીય પત્રકોમાં દર્શાવેલ વિગતોના આધારે કરવામાં આવે છે. સાચા અને યોગ્ય વિશ્લેષણ અને અર્થઘટનનો આધાર સંપૂર્ણપણે નાણાકીય પત્રકોમાં દર્શાવેલ માહિતી પર છે. અસરકારક અને કાર્યક્ષમ વિશ્લેષણ અને નાણાકીય પત્રકોની સાચી અને યોગ્ય માહિતી વચ્ચે સીધો સંબંધ છે. તેથી નાણાકીય પત્રકોની માહિતી ખોટી અથવા અપૂરતી હોય તો માહિતીનું સાચું અને યોગ્ય વિશ્લેષણ થઈ શકતું નથી. અહીં નાણાકીય વિશ્લેષણ એ પરતંત્ર ચલ છે, જે નાણાકીય પત્રકોની યોગ્યતા પર આધારિત છે.

**(5) અંગત અભિપ્રાયો (Personal Opinion) :** હિસાબી પદ્ધતિના ઉપલબ્ધ વિકલ્પોના કારણે તૈયાર થતાં નાણાકીય હિસાબોમાં અંગત અભિપ્રાયોને અવકાશ રહે છે. દા.ત., ઘસારાની પદ્ધતિનો ઉપયોગ, ઇન્વેન્ટરી (સ્ટૉક) મૂલ્યાંકનની પદ્ધતિ. આ ઉપલબ્ધ સ્વતંત્રતાના કારણે તૈયાર થતાં હિસાબોમાં વ્યક્તિલક્ષીતા(Subjectivity)ને એટલે કે અંગત અભિપ્રાયોને અવકાશ રહે છે. આ પણ નાણાકીય વિશ્લેષણમાં અવરોધ ઊભો કરે છે તેથી તે તેની મર્યાદા ગણી શકાય.

**(6) સત્યતાનો અભાવ (Window Dressing) :** અગાઉ જણાવ્યા પ્રમાણે સાચા અને યોગ્ય નાણાકીય વિશ્લેષણનો આધાર નાણાકીય પત્રકોની સત્યતા પર આધાર રાખે છે. ઘણી વખત હિસાબોમાં કરવામાં આવેલ રજૂઆત સત્યથી દૂર હોય છે. સાચી માહિતીના સ્થાને ખોટી માહિતી રજૂ કરીને હિસાબો તૈયાર કરવામાં આવે છે. જેના કારણે પક્ષકારો દ્વારા લેવાયેલા નિર્ણયો ખોટા સાબિત થાય છે. આ પણ વિશ્લેષણની મર્યાદા ગણી શકાય.

**(7) સમસ્યાનું લક્ષણ જ દર્શાવે છે. (Discloses only Symptoms of Problem) :** નાણાકીય વિશ્લેષણ દ્વારા ફક્ત સમસ્યાના કારણો અંગેની માહિતી મળે છે પણ તેનું નિદાન મળતું નથી. દા.ત., કંપનીએ 30 % કાચા નફાની અપેક્ષા રાખી હોય અને 20 % કાચો નફો થાય તો વિશ્લેષણ દ્વારા કાચો નફો ઘટ્યો છે તે જાણી શકાય છે, પણ કાચો નફો કેમ ઘટ્યો છે તે વિશ્લેષણ દ્વારા દર્શાવાતું નથી. આ માટે સંચાલકોએ ઉપાયો શોધવા પડે છે અને તે પ્રમાણે વ્યૂહરચના બનાવવી પડે છે.

ઉપરની ચર્ચા પરથી ફલિત થાય છે, નાણાકીય વિશ્લેષણની મર્યાદાઓ નાણાકીય પત્રકોની મર્યાદામાંથી ઉદ્ભવે છે. જો નાણાકીય પત્રકોની મર્યાદાઓ દૂર કરવામાં આવે તો નાણાકીય વિશ્લેષણની મોટા ભાગની મર્યાદાઓ દૂર થઈ જાય.

## 11. તુલનાત્મક નાણાકીય પત્રકોનું મહત્ત્વ (Significance of Comparative Financial Statements)

નાણાકીય પત્રકો અગાઉ જણાવ્યા પ્રમાણે હિસાબી પદ્ધતિના નિયમો, સિદ્ધાંતો અને પૂર્વનિર્ધારિત સ્વરૂપે તૈયાર કરવામાં આવે છે. જેથી નાણાકીય પત્રકો હિસાબોની રજૂઆત સાતત્યતાનાં ધોરણે કરી શકે. ઘણી વખત સામાન્ય પક્ષકારો દ્વારા આ હિસાબોને એટલે કે નાણાકીય પત્રકોને સમજવામાં સરળતા રહે તે માટે જુદી જુદી રીતે તેમની પુનઃગોઠવણી કરીને રજૂ કરવામાં આવે છે. આ પ્રક્રિયાના કારણે નાણાકીય પત્રકોની ઉપયોગિતા વધે છે. તુલનાત્મક નાણાકીય પત્રકોનું મહત્ત્વ નીચે પ્રમાણે વર્ણવી શકાય :

**(1) પેઢીની આંતરિક તુલના (Intrafirm Comparision) :** ધંધાકીય એકમો દ્વારા દર વર્ષે નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવતાં હોય છે. ધંધાકીય એકમ દ્વારા પોતાના હિસાબોની અગાઉનાં વર્ષોના હિસાબો સાથે સરખામણી કરવામાં આવે

તેને એકમ આંતરિક તુલના કહેવામાં આવે છે. અગાઉનાં વર્ષોની સરખામણીમાં ચાલુ વર્ષે ધંધાની કાર્યક્ષમતામાં વધારો થાય છે કે નહિ ? નફાકારકતા વધી છે કે નહિ ? સધ્ધરતા વધી છે કે નહિ ? જેવી બાબતોનું વિશ્લેષણ કરવામાં આવે છે. ઉપરાંત એક જ ધંધાકીય એકમના એક કરતાં વધુ વિભાગો હોય ત્યારે તેમની નાણાકીય કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જેનો સમાવેશ પણ એકમ આંતરિક તુલનામાં કરવામાં આવે છે.

**(2) આંતરપેઢી તુલના (Interfirm Comparision) :** એક જ ઉદ્યોગમાં વિવિધ ધંધાકીય એકમો સમાયેલાં હોય છે. ધંધાકીય એકમોનાં નાણાકીય પત્રકોની સરખામણી એકબીજા ધંધાકીય એકમો સાથે કરવામાં આવે તેને આંતરપેઢી તુલના કહેવામાં આવે છે. આંતરપેઢી તુલનાના કારણે કયું ધંધાકીય એકમ નાણાકીય રીતે સબળ (strong) છે અને કયું ધંધાકીય એકમ સરખામણીમાં નબળું છે તે જાણી શકાય છે. આંતરપેઢી તુલનાના કારણે વિવિધ પક્ષકારો પોતાના રોકાણ અંગેના નિર્ણયો માટે ફેરવિચારણા કરવા સક્ષમ (able) બને છે. આમ, બે પેઢીની નાણાકીય સ્થિતિની તુલના કરવા માટે નાણાકીય પત્રકોનું વિશ્લેષણ ઉપયોગી છે.

**(3) વલણ રજૂ કરે (Indicates Trend) :** એક જ ધંધાકીય એકમનાં જુદાં જુદાં વર્ષો અથવા જુદાં જુદાં ધંધાકીય એકમોનાં નાણાકીય પત્રકોની સરખામણી કરવાથી ધંધાકીય એકમોની નાણાકીય સ્થિતિ અને નફાકારકતાના વલણ અંગેની જાણકારી પ્રાપ્ત થાય છે. આ વલણના આધારે વિવિધ પક્ષકારો પોતાના નિર્ણયો અંગે આધારણ કરે છે. નાણાકીય પત્રકોનું વિશ્લેષણ જુદાં જુદાં પાસાંઓનું વલણ દર્શાવે છે – વલણ નિર્ણય લેવામાં મદદરૂપ થતાં હોય છે.

**(4) લેણદારોને ઉપયોગી (Useful to Creditors) :** ધંધાકીય એકમોના લેણદારો લાંબા ગાળા અને ટૂંકા ગાળા અંગેના હોય છે. આ લેણદારો ધંધાકીય એકમની શાખપાત્રતા નક્કી કરવા માટે નાણાકીય હિસાબોનાં વિવિધ પાસાંઓની અસરકારકતા દર્શાવે છે જેના આધારે લેણદારો ધંધાકીય એકમની શાખપાત્રતાનું આધારણ કરે છે. આમ, લેણદારો માટે પણ આ વ્યવસ્થા (System) ઉપયોગી છે.

**(5) માહિતીની સરળ અને તુલનાત્મક રજૂઆત (Simple and Comparable Presentation of Information) :** નાણાકીય પત્રકોમાં દર્શાવેલ માહિતી અથવા વિગતો હિસાબી પદ્ધતિના નિયમોના આધારે તૈયાર કરવામાં આવે છે. પરંતુ જ્યારે નાણાકીય પત્રકોની પુનઃગોઠવણી કરવામાં આવે છે ત્યારે માહિતી વિશ્લેષણના અને સમજવાના હેતુસર વધુ સરળ બને છે. સામાન્ય રીતે માહિતીની પુનઃગોઠવણી કોઠા સ્વરૂપે કરવામાં આવતી હોય છે. તેથી તે સમજવામાં સરળ અને ઉપયોગી બને છે.

### 12. નાણાકીય પત્રકોના વિશ્લેષણના તબક્કાઓ (Stages of Analysis of Financial Statements)

નાણાકીય પત્રકો તૈયાર કરવા અંગેના કાયદેસરના નિયમો છે. નિયમોના આધારે નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવે છે. કંપનીના સ્વરૂપમાં નાણાકીય હિસાબો કંપનીધારા 2013 પ્રમાણે તૈયાર કરવામાં આવે છે. આ નાણાકીય પત્રકોના સ્વરૂપ અને માળખા અંગે પણ જોગવાઈઓ કરવામાં આવેલ છે. નાણાકીય પત્રકોનું વિશ્લેષણ કરવા માટે તેના વિવિધ તબક્કાઓ વિકસાવવામાં આવ્યા છે. આ તબક્કાઓના કારણે વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક સ્વરૂપનું વિશ્લેષણ કરી શકાય છે. આ તબક્કાઓ નીચે પ્રમાણે છે :

**(1) નાણાકીય પત્રકોની નવી માળખાકીય ગોઠવણી (New Structural Arrangement of Financial Statements) :** કાયદાકીય જોગવાઈને આધીન તૈયાર થયેલા નાણાકીય પત્રકોનું વિશ્લેષણ કરવા જુદાં જુદાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં સમાન માપનાં પત્રકો, તુલનાત્મક પત્રકો, ગુણોત્તરો વગેરેનો સમાવેશ થાય છે. આ સાધનોનો ઉપયોગ કરવા માટે નાણાકીય પત્રકોમાં દર્શાવવામાં આવેલ માહિતીને પુનઃવર્ગીકૃત કરીને પુનઃ ગોઠવવામાં આવે છે, જેથી એ જે-તે સાધનના ઉપયોગ માટે અનુકૂળ બને. દા.ત., છેલ્લાં પાંચ વર્ષમાં ચોખ્ખા નફા અંગેનું વલણ જાણવું હોય તો છેલ્લાં પાંચ વર્ષના ચોખ્ખા નફાનો દર શોધવામાં આવે છે. તેનું સૂત્ર $\frac{\text{ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} \times 100$ છે.

આ વિશ્લેષણ માટે છેલ્લાં પાંચ વર્ષના ચોખ્ખા નફા અને વેચાણને પાના નંબર 163 પર દર્શાવેલ કોઠા પ્રમાણે ગોઠવવામાં આવે છે :

**ચોખ્ખા નફાના દરનો કોઠો**

| વર્ષ | ચોખ્ખો નફો (₹) | વેચાણ (₹) | ચોખ્ખા નફાનો દર |
|---|---|---|---|
| 1 | 60,000 | 5,00,000 | 12 % |
| 2 | 77,000 | 5,50,000 | 14 % |
| 3 | 1,10,500 | 8,50,000 | 13 % |
| 4 | 80,000 | 5,00,000 | 16 % |
| 5 | 84,000 | 5,60,000 | 15 % |
| **કુલ** | 4,11,500 | 29,60,000 | |
| ÷ વર્ષો | 5 | 5 | |
| **= સરેરાશ** | **82,300** | **5,92,000** | **14 %** |

વિશ્લેષણના પ્રથમ તબક્કામાં નાણાકીય પત્રકોમાં જરૂરી માહિતી પ્રાપ્ત કરીને તેને પુનઃ વર્ગીકૃત કરીને ઉપર મુજબ પુનઃ ગોઠવવામાં આવે છે. અહીં ચોખ્ખા નફાના પાંચ વર્ષના વલણને જાણવા માટે આ સ્વરૂપે માહિતીની રજૂઆત કરી શકાય.

**(2) સરખામણી (Comparision) :** નાણાકીય વિશ્લેષણના બીજા તબક્કામાં પુનઃ વર્ગીકૃત અને પુનઃ ગોઠવેલ માહિતીની સરખામણી કરવામાં આવે છે. ઉપર દર્શાવેલ કોઠાના ચોખ્ખા નફાની વેચાણની અને ચોખ્ખા નફાના દરની સરખામણી તેની અગાઉના વર્ષ સાથે કરવામાં આવે છે. દા.ત., પહેલાં વર્ષના પરિણામ સાથે બીજા વર્ષનાં પરિણામોની સરખામણી. પહેલા વર્ષની સરખામણીમાં બીજા વર્ષે ચોખ્ખો નફો, વેચાણ અને ચોખ્ખા નફાનો દર પણ વધ્યો છે. તેવી જ રીતે બીજા વર્ષનાં પરિણામોની ત્રીજા વર્ષ સાથે, ત્રીજા વર્ષનાં પરિણામોની ચોથા વર્ષ સાથે અને છેલ્લે ચોથા વર્ષનાં પરિણામોની પાંચમા વર્ષ સાથે સરખામણી કરવામાં આવે છે. સરખામણીના આધારે વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવે છે.

**(3) વિશ્લેષણ અને અર્થઘટન (Analysis and Interpretation) :** મુદ્દા (2) અંતર્ગત માહિતીની સરખામણી કરવામાં આવે છે. જ્યારે અહીં આ માહિતીને આંકડાઓ સાથે શબ્દોના સ્વરૂપે સમજાવવાનો પ્રયાસ થાય છે. વિશ્લેષણ એટલે માહિતીનું યોગ્ય પરીક્ષણ અથવા મૂલ્યાંકન, જેમાં માહિતીને જુદા જુદા ભાગોમાં વહેંચીને, તેમના વચ્ચેનો સંબંધ તપાસવામાં આવે છે. જ્યારે અર્થઘટન આ સંબંધો અંગેની સમજૂતી આપે છે. ઉપરના કોઠામાં દર્શાવેલ ચોખ્ખો નફો અને વેચાણ એ નાણાકીય પત્રક(આવકપત્રક)નાં અંગો છે. ચોખ્ખા નફાના દરની ગણતરીના બે ચલ છે અને તે બે વચ્ચે સંબંધ પણ છે. સૈદ્ધાંતિક રીતે જેમ વેચાણ વધે તેમ ચોખ્ખો નફો વધે. એટલે વેચાણ અને ચોખ્ખા નફા વચ્ચે સીધો સંબંધ છે. પહેલા વર્ષની સરખામણીમાં બીજા વર્ષે વેચાણ ₹ 5,00,000થી વધીને ₹ 5,50,000 થયું છે અને ચોખ્ખો નફો પણ ₹ 60,000થી વધીને ₹ 77,000 થવા પામ્યો છે. ત્રીજા વર્ષે વેચાણ વધ્યું અને ચોખ્ખો નફો વધ્યો. ચોથા વર્ષે વેચાણ ઘટ્યું - ચોખ્ખો નફો પણ ઘટ્યો, ફરીથી પાંચમા વર્ષે વેચાણ વધ્યું અને ચોખ્ખો નફો પણ વધ્યો. (વ્યવહારમાં એવું પણ બને કે વેચાણ વધવા છતાં નફો ઘટે અથવા વેચાણ ઘટવા છતાં પણ નફો વધે). આ પ્રક્રિયાને વિશ્લેષણ કહેવાય.

પ્રથમ વર્ષની સરખામણીમાં બીજા વર્ષે ચોખ્ખા નફાનો દર વધ્યો છે જે 12 %થી 14 % થયો છે. જે કંપની માટે સારી બાબત છે પરંતુ ત્રીજા વર્ષે બીજા વર્ષની સરખામણીમાં વેચાણ વધ્યું છે, ચોખ્ખો નફો વધ્યો છે પણ ચોખ્ખા નફાનો દર ઘટ્યો છે, જે 13 % છે. બીજા વર્ષની સરખામણીમાં ત્રીજા વર્ષે કંપનીની વેચાણ નફો કમાવવાની ક્ષમતા ઘટી છે તેવું કહી શકાય. કંપનીની પાંચ વર્ષની માહિતીના આધારે પાંચ વર્ષનું કુલ વેચાણ ₹ 29,60,000 અને નફો ₹ 4,11,500 છે. તેમની સરેરાશ અનુક્રમે ₹ 5,92,000 અને ₹ 82,300 છે તેમ કહેવાય. આ પણ એક પ્રકારનું અર્થઘટન કહેવાય. આ રીતે દરેક વર્ષના પરિણામ અંગે રજૂઆત કરી શકાય. આ પ્રક્રિયાને અર્થઘટન કહેવામાં આવે છે.

વિશ્લેષણ અને અર્થઘટનના આધારે કંપનીની કામગીરીનું મૂલ્યાંકન થાય છે. આ મૂલ્યાંકન દ્વારા એ જાણી શકાય છે કે કંપની તંદુરસ્ત પરિસ્થિતિ ધરાવે છે કે કેમ ? આ વિશ્લેષણ અને અર્થઘટનના આધારે વિવિધ પક્ષકારો પોતાના નિર્ણયો લેતા હોય છે.

હવે, આપણે નાણાકીય પત્રક વિશ્લેષણનાં વિવિધ સાધનો અંગે માહિતી પ્રાપ્ત કરીએ. જેમાં સમાન માપનાં પત્રકો, તુલનાત્મક પત્રકો અને ગુણોત્તર વિશ્લેષણ અંગે અભ્યાસ કરવાનો છે.

**13. નાણાકીય પત્રકોનાં વિશ્લેષણનાં સાધનો (Tools of Analysis of Financial Statements)**

નાણાકીય હિસાબી પદ્ધતિમાં નાણાકીય પત્રકો તૈયાર કરવાં, એ છેલ્લો તબક્કો છે. આ તબક્કામાં આવકનું પત્રક (નફા-નુકસાન ખાતું) તેમજ પાકા સરવૈયાનો સમાવેશ થાય છે. કંપનીના સ્વરૂપમાં રોકડ પ્રવાહ પત્રક પણ ધ્યાનમાં લેવાય છે. આ નાણાકીય પત્રકોમાં ખર્ચની, ઊપજની, મિલકતોની, દેવાંની વિગતો રૂપિયામાં દર્શાવેલ હોય છે. (જે-તે દેશનાં ચલણમાં દર્શાવેલ હોય છે). આ તમામ વિગતો કાયદાકીય રીતે નાણાકીય પત્રકોમાં દર્શાવાય છે. ઘણી વખત સામાન્ય માણસને આ વિગતો સમજવામાં મુશ્કેલી પડતી હોય છે. આ સમસ્યાના નિવારણ માટે અને નાણાકીય પત્રકોની માહિતી વધુ સમજપૂર્વકની બને તે માટે આ પત્રકોનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ વિશ્લેષણ માટે એક કરતાં વધુ વર્ષો અંગેની માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. હિસાબી પદ્ધતિમાં આ પ્રક્રિયા માટે વિવિધ સાધનો વિકસાવવામાં આવ્યાં છે – તેમના ઉપયોગ દ્વારા વિશ્લેષણ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. જેમાં તુલનાત્મક પત્રકો, સમાન માપનાં પત્રકો અને ગુણોત્તર વિશ્લેષણનો ઉપયોગ થાય છે. (ગુણોત્તર વિશ્લેષણ અંગે અલગ પ્રકરણમાં ચર્ચા કરી છે.) તુલનાત્મક પત્રકો અને સમાન માપનાં પત્રકોની સમજૂતી નીચે પ્રમાણે છે.

**નાણાકીય પત્રકોની તુલના (Comparision of Financial Statements) :** તુલનાની પ્રક્રિયા માટે ઓછાંમાં ઓછાં બે વર્ષોની નાણાકીય માહિતી જરૂરી છે. તુલના કરવાથી એ નિર્ધારીત સમયના વિકાસની માહિતી મળે છે. કયો સમય સારું પરિણામ દર્શાવે છે અને કયો સમય નબળું પરિણામ દર્શાવે છે તે જાણી શકાય છે. તુલનાત્મક પત્રકોમાં બે અથવા બે કરતાં વધુ વર્ષોનાં આવકનાં પત્રકો અથવા/અને પાકા સરવૈયાની વિગતોની તુલના કરવામાં આવે છે.

**નાણાકીય પત્રકોની તુલના**

↓

| ↓ | ↓ |
|---|---|
| તુલનાત્મક પત્રકો દ્વારા | સમાન માપનાં પત્રકો દ્વારા |
| ↓ | ↓ |
| નફા-નુકસાનનું પત્રક<br>પાકું સરવૈયું | નફા-નુકસાનનું પત્રક<br>પાકું સરવૈયું |

નાણાકીય પત્રકોની તુલના બે પ્રકારે કરી શકાય છે :

**(1) તુલનાત્મક પત્રકો દ્વારા (Through Comparative Statements) :** આ પ્રકારનાં તુલનાત્મક પત્રકમાં તુલનાત્મક પાકું સરવૈયું અને તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક (આવકનું પત્રક) તૈયાર કરવામાં આવે છે. આ તુલના આડા સ્વરૂપે થાય છે. તેથી તેને નાણાકીય પત્રકોનું આડું વિશ્લેષણ કહી શકાય. આ તુલનામાં પહેલાં વર્ષની સરખામણીમાં જે-તે વિગત માટે ચાલુ વર્ષમાં રૂપિયામાં કેટલો વધારો/ઘટાડો થયો છે તેમજ ટકાવારીમાં કેટલો વધારો/ઘટાડો થયો છે તે અંગેની જાણકારી મેળવી શકાય છે. આ પ્રકારનાં વિશ્લેષણ દ્વારા ધંધાકીય એકમના વિકાસના વલણને સમજી શકાય છે.

દા.ત., 2016માં ઇક્વિટી શૅરમૂડી ₹ 3,00,000 હોય અને 2017માં ₹ 4,50,000 હોય તો શૅરમૂડીમાં ₹ 1,50,000નો વધારો થયો છે અને ટકાવારીની દૃષ્ટિએ ઇક્વિટી શૅરમૂડીમાં ગયા વર્ષની સરખામણીમાં 50 % વધારો $\left(\frac{4,50,000 - 3,00,000}{3,00,000} \times 100\right)$ થયો છે તેમ કહેવાય. આ રીતે તૈયાર કરવામાં આવેલ પત્રકોને તુલનાત્મક પત્રકો કહેવામાં આવે છે.

**(2) સમાન માપનાં પત્રકો દ્વારા (Through Common Size Statements) :** આ પ્રકારનાં તુલનાત્મક પત્રકોમાં પણ પાકાં સરવૈયાં અને નફા-નુકસાનનાં પત્રકનો સમાવેશ કરવામાં આવે છે. આ તુલના ઊભા સ્વરૂપે થાય છે તેથી તેને નાણાકીય પત્રકોનું ઊભું વિશ્લેષણ પણ કહી શકાય. આ પ્રકારની તુલનામાં એક આધાર લેવામાં આવે છે. પાકા સરવૈયામાં પાકા સરવૈયાના સરવાળાને આધાર તરીકે લેવામાં આવે છે. નફા-નુકસાનનાં પત્રકમાં વેચાણને આધાર તરીકે લેવામાં આવે છે. દા.ત., 2016માં પાકા સરવૈયાનો સરવાળો ₹ 1,00,000 છે. જેમાં બિનચાલુ મિલકતો ₹ 60,000ની છે અને ચાલુ મિલકતો ₹ 40,000 છે. જ્યારે 2017નો પાકા સરવૈયાનો સરવાળો ₹ 1,50,000 જેમાં બિનચાલુ મિલકતો ₹ 75,000ની છે અને ચાલુ મિલકતો ₹ 75,000ની છે. તો તેનું વિશ્લેષણ અને અર્થઘટન નીચે પ્રમાણે થાય :

**વિશ્લેષણ :** 2016માં કુલ મિલકતોમાં બિનચાલુ મિલકતો 60 % $\left(\frac{60,000}{1,00,000} \times 100\right)$ અને ચાલુ મિલકતો 40 % $\left(\frac{40,000}{1,00,000} \times 100\right)$ છે.

2017માં કુલ મિલકતોમાં બિનચાલુ મિલકતો 50 % $\left(\frac{75,000}{1,50,000} \times 100\right)$ અને ચાલુ મિલકતો 50 % $\left(\frac{75,000}{1,50,000} \times 100\right)$ છે.

**અર્થઘટન :** ગયા વર્ષની સરખામણીમાં કુલ મિલકતોમાં બિનચાલુ મિલકતોનું પ્રમાણ 60 %થી ઘટીને 50 % થયું છે, જ્યારે ચાલુ મિલકતોનું પ્રમાણ 40 %થી વધીને 50 % થયું છે.

આમ, તુલનાત્મક પત્રકોની મદદથી ઉપર મુજબ વિશ્લેષણ અને અર્થઘટન કરી શકાય. આ બંને અંગે વિગતવાર ચર્ચા હવે પછી કરવામાં આવેલ છે.

- **તુલનાત્મક અને સમાન માપનાં નાણાકીય પત્રકોનાં લક્ષણો :**

(1) બે અથવા બે કરતાં વધુ વર્ષોની માહિતી હોય છે.

(2) બે વર્ષો કે વધુ વર્ષોનાં પરિણામોની સરખામણી રૂપિયાનાં સ્વરૂપે દર્શાવી શકાય.

(3) બે વર્ષો કે વધુ વર્ષોનાં પરિણામોની સરખામણી ટકાવારીનાં સ્વરૂપે દર્શાવી શકાય.

(4) આ સરખામણી વધારો અથવા ઘટાડો દર્શાવે છે.

(5) આ સરખામણી દ્વારા પત્રકનાં કોઈ પણ ભાગ(component)નું વલણ જાણી શકાય છે. (દા.ત., શૅરમૂડીનું વલણ વધારો/ઘટાડો/વધારો-ઘટાડો નહિ)

(6) ગુણોત્તર સ્વરૂપે રજૂઆત કરી શકાય છે.

(7) ચાલુ વર્ષના નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું અનુક્રમે પાછલા વર્ષના નફા-નુકસાનનાં પત્રક અને પાકા સરવૈયા સાથે સરખાવવામાં આવે છે એટલે કે તુલના કરવામાં આવે છે. નાણાકીય પત્રકોની તુલના અંગેનાં સાધનોની વિગતવાર માહિતી નીચે મુજબ છે :

(i) તુલનાત્મક પત્રકો :

  (a) તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક

  (b) તુલનાત્મક પાકા સરવૈયાનું પત્રક

(ii) સમાન માપનાં પત્રકો :

  (a) નફા-નુકસાનનું સમાન માપનું પત્રક

  (b) પાકા સરવૈયાનું સમાન માપનું પત્રક

## 14. તુલનાત્મક પત્રકો (Comparative Statements)

**(a) તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક (Comparative Profit and Loss Statement) :** તુલનાત્મક નફા-નુકસાનનું પત્રકનું માળખું પણ તુલનાત્મક પાકા સરવૈયાના માળખા જેવું જ છે. તેમાં કુલ છ ખાનાં રાખવામાં આવે છે, પરંતુ પાકા સરવૈયા અને નફા-નુકસાન પત્રકની વિગતો જુદી છે. આ વિશ્લેષણ તુલનાત્મક પત્રકોનાં વિશ્લેષણથી ઓળખાય છે. તેનાં

નામ પ્રમાણે વાર્ષિક હિસાબોના બે અગત્યના ભાગો નફા-નુકસાનનું પત્રક અને પાકા સરવૈયાની બે વર્ષની વિગતોની તુલના કરવામાં આવે છે. તેના આધારે ધંધાકીય એકમની પ્રગતિનો ખ્યાલ આવે છે.

તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક અને તુલનાત્મક પાકાં સરવૈયાં અંગેની સમજૂતી નીચે પ્રમાણે આપવામાં આવી છે :

**તુલનાત્મક નફા-નુકસાન પત્રકનું માળખું**

**તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો**

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | પાછલું વર્ષ (₹ માં)<br>3 | ચાલુ વર્ષ (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3}\times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ<br>(II) અન્ય આવકો | | | | | |
| (III) કુલ ઊપજો (I + II) | | | | | |
| (IV) ખર્ચાઓ :<br>(i) વપરાયેલ માલની પડતર<br>(ii) પુનઃવેચાણ માટેની ચોખ્ખી ખરીદી<br>(iii) સ્ટૉકના ફેરફારો<br>(iv) કર્મચારીઓને લગતા ખર્ચાઓ<br>(v) નાણાકીય પડતર<br>(vi) ઘસારો અને માંડી વાળેલ રકમો<br>(vii) અન્ય ખર્ચાઓ | | | | | |
| **કુલ ખર્ચાઓ** | | | | | |
| (V) આવકવેરા પહેલાંનો નફો (III – IV)<br>(VI) બાદ : આવકવેરો | | | | | |
| (VII) આવકવેરા પછીનો નફો | | | | | |
| (V – VI) | | | | | |

**નોંધ :** નફા-નુકસાનનાં પત્રકની વિસ્તૃત માહિતી આ અગાઉના પ્રકરણમાં મેળવવામાં આવી છે.

નફા-નુકસાન પત્રકનાં બે અગત્યનાં અંગો છે : (1) કુલ ઊપજો અને (2) કુલ ખર્ચાઓ. નફા-નુકસાન પત્રકમાંથી વર્ષ દરમિયાન કરવામાં આવેલી કમાણીનું પરિણામ જાણવા મળે છે. ઊપજોમાં વધારો થાય તો તે કમાણીના વધારા અંગે નિર્દેશ કરે છે અને ખર્ચાઓમાં ઘટાડો થાય તો તે પણ કમાણીના વધારા અંગે નિર્દેશ કરે છે. જો ઊપજોમાં ઘટાડો થાય અને ખર્ચાઓમાં વધારો થાય તો તે કમાણીના ઘટાડા અંગે નિર્દેશ કરે છે.

**નફા-નુકસાનનાં પત્રકનું વિશ્લેષણ શું દર્શાવે છે ? (What is disclosed by analysis of Profit and Loss Statement ?) :** નફા-નુકસાનનું પત્રક ધંધાકીય એકમની નફાકારકતા અંગે માહિતી પૂરી પાડે છે. તુલનાત્મક નફા-નુકસાન પત્રકની મદદથી ગયા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે નફાકારકતા(કમાણી)માં કેટલો વધારો કે ઘટાડો થયો છે તે અંગેની જાણકારી પ્રાપ્ત થાય છે. આ અંગે વિગતે ચર્ચા ગુણોત્તર વિશ્લેષણના પ્રકરણમાં કરવામાં આવેલ છે.

ટૂંકમાં, તુલનાત્મક નફા-નુકસાનનાં પત્રક દ્વારા બે સમયગાળા દરમિયાન કુલ ઊપજો અને કુલ ખર્ચાઓમાં રૂપિયાના સ્વરૂપે અને ટકાવારી સ્વરૂપે કેટલો ફેરફાર (વધારો/ઘટાડો) થયો છે તે જાણી શકાય છે.

તુલનાત્મક નફા-નુકસાનનાં પત્રકની મદદથી તેનાં તમામ ભાગોનું વલણ

– સ્થિર છે ?
– પરિવર્તનશીલ છે ?
– ઘટાડાનું છે ?
– વધારાનું છે ? તે અંગેની જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.

તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક ઉદાહરણ દ્વારા સમજીએ.

**ઉદાહરણ 1 :** વિવેકાનંદ લિમિટેડનાં તા. 31-3-2016 અને 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો પરથી તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો.

**તા. 31-3-2016 અને 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષનાં સંક્ષિપ્ત નફા-નુકસાનનાં પત્રકો**

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|---|
| વેચાણની ઊપજો | | 16,00,000 | 14,00,000 |
| અન્ય આવકો | | 3,00,000 | 2,50,000 |
| ખર્ચાઓ | | 9,60,000 | 7,20,000 |

**જવાબ :**

**વિવેકાનંદ લિમિટેડનું તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજ પૂરાં થતાં વર્ષનું નફા-નુકસાનનું તુલનાત્મક પત્રક**

| વિગત | નોંધ નંબર | 31-3-2016 (₹ માં) | 31-3-2017 (₹ માં) | વધારો/ઘટાડો (₹ માં) | વધારો/ઘટાડો (% માં) |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5(4 − 3) | 6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
| (I) વેચાણની ઊપજ | | 14,00,000 | 16,00,000 | 2,00,000 | 14.29 |
| (II) અન્ય આવકો | | 2,50,000 | 3,00,000 | 50,000 | 20.00 |
| (III) **કુલ આવકો (I + II)** | | **16,50,000** | **19,00,000** | **2,50,000** | **15.15** |
| (IV) ખર્ચાઓ : | | 7,20,000 | 9,60,000 | 2,40,000 | 33.33 |
| (V) આવકવેરા પહેલાંનો નફો (III – IV) | | 9,30,000 | 9,40,000 | 10,000 | 1.08 |

**ઉદાહરણ 2 :** બ્રાઇટ ઇન્ડિયા લિમિટેડનાં તા. 31-3-2016 અને 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો નીચે પ્રમાણે આપવામાં આવેલાં છે. તેના આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો.

**તા. 31-3-2016 અને 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો**

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|---|
| વેચાણની ઊપજો | | 16,00,000 | 14,00,000 |
| અન્ય આવકો | | 3,00,000 | 2,50,000 |
| ખર્ચાઓ | | 9,60,000 | 7,20,000 |

આવકવેરાનો દર 30 % હતો.

જવાબ :

**બ્રાઈટ ઈન્ડિયા લિમિટેડનાં તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજ પૂરાં થતાં વર્ષનું**
**નફા-નુકસાનનું તુલનાત્મક પત્રક**

| વિગત<br><br>1 | નોંધ નંબર<br><br>2 | 31-3-2016 (₹ માં)<br><br>3 | 31-3-2017 (₹ માં)<br><br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br><br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br><br>6 $\left(\frac{5}{3}\times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ | | 14,00,000 | 16,00,000 | 2,00,000 | 14.29 |
| (II) અન્ય આવકો | | 2,50,000 | 3,00,000 | 50,000 | 20.00 |
| (III) **કુલ આવકો (I + II)** | | **16,50,000** | **19,00,000** | **2,50,000** | **15.15** |
| (IV) ખર્ચાઓ : | | 7,20,000 | 9,60,000 | 2,40,000 | 33.33 |
| (V) આવકવેરા પહેલાંનો નફો (III − IV) | | 9,30,000 | 9,40,000 | 10,000 | 1.08 |
| (VI) બાદ : આવકવેરો (30 %) | | 2,79,000 | 2,82,000 | 3000 | 1.08 |
| (VII) આવકવેરા પછીનો નફો (V – VI) | | 6,51,000 | 6,58,000 | 7000 | 1.08 |

**નોંધ :** જ્યારે આવકવેરાનો દર આપેલ હોય અને બંને વર્ષના આવકવેરાનો દર સરખો હોય ત્યારે કૉલમ 6માં ટકાવારીમાં વધારો / ઘટાડો

– આવકવેરા પહેલાના નફામાં

– આવકવેરામાં

– આવકવેરા પછીના નફામાં સરખો રહે છે.

**ઉદાહરણ 3 :** ગુજરાત લિમિટેડનાં તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં નફા-નુકસાનનાં પત્રકો ટૂંકમાં નીચે પ્રમાણે આપેલાં છે. તેના આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો.

**ગુજરાત લિમિટેડનાં તા. 31-3-2016 અને 31-3-2017નાં રોજ પૂરાં થતાં વર્ષનાં**
**નફા-નુકસાનનાં પત્રકો**

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|---|
| વેચાણની ઊપજો | | 9,00,000 | 8,00,000 |
| અન્ય આવકો | | 2,00,000 | 1,00,000 |
| વપરાયેલ માલની પડતર | | 3,30,000 | 3,00,000 |
| નાણાકીય ખર્ચાઓ | | 60,000 | 60,000 |
| ઘસારો | | 40,000 | 40,000 |
| અન્ય ખર્ચાઓ | | 1,80,000 | 2,00,000 |

આવકવેરાનો દર 30 % હતો.

જવાબ :

**ગુજરાત લિમિટેડનાં તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજ પૂરાં થતાં વર્ષનું**
**તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક**

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | 31-3-2016 (₹ માં)<br>3 | 31-3-2017 (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3}\times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ | | 8,00,000 | 9,00,000 | 1,00,000 | 12.50 |
| (II) અન્ય આવકો | | 1,00,000 | 2,00,000 | 1,00,000 | 100.00 |
| **(III) કુલ આવકો (I + II)** | | **9,00,000** | **11,00,000** | **2,00,000** | **22.22** |
| (IV) ખર્ચાઓ : | | | | | |
| (i) વપરાયેલ માલની પડતર | | 3,00,000 | 3,30,000 | 30,000 | 10 |
| (ii) નાણાકીય ખર્ચાઓ | | 60,000 | 60,000 | – | – |
| (iii) ઘસારો | | 40,000 | 40,000 | – | – |
| (iv) અન્ય ખર્ચાઓ | | 2,00,000 | 1,80,000 | (20,000) | (10) |
| **કુલ ખર્ચાઓ** | | **6,00,000** | **6,10,000** | **10,000** | **1.67** |
| (V) આવકવેરા પહેલાંનો નફો (III − IV) | | 3,00,000 | 4,90,000 | 1,90,000 | 63.33 |
| (VI) બાદ : આવકવેરો (30 %) | | 90,000 | 1,47,000 | 57,000 | 63.33 |
| (VII) આવકવેરા પછીનો નફો (V – VI) | | **2,10,000** | **3,43,000** | **1,33,000** | **63.33** |

**નોંધ :** ઘટાડાને કૌંસમાં દર્શાવાય છે.

**ઉદાહરણ 4 :** ભાવના લિમિટેડનાં તા. 31-3-2016 અને 31-3-2017નાં રોજ પૂરાં થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો પરથી તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક તૈયાર કરો.

**ભાવના લિમિટેડનાં તા. 31-3-2016 અને 31-3-2017નાં રોજ પૂરાં થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો**

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|---|
| વેચાણની ઊપજો | | 20,00,000 | 16,00,000 |
| અન્ય આવકો | | 3,00,000 | 4,00,000 |
| ખર્ચાઓ : | | | |
| વપરાયેલ માલની પડતર | | 9,00,000 | 8,00,000 |
| પુનઃવેચાણ માટેની ચોખ્ખી ખરીદી | | 1,10,000 | 90,000 |
| સ્ટૉકમાં ફેરફારો | | 50,000 | 50,000 |
| કર્મચારીઓને લગતા ખર્ચાઓ | | 1,20,000 | 90,000 |
| નાણાકીય પડતરો | | 40,000 | 60,000 |
| ઘસારો અને માંડી વાળેલ રકમો | | 2,70,000 | 1,80,000 |

આવકવેરાનો દર 30 % હતો.

જવાબ :

**ભાવના લિમિટેડનું તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષનું તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક**

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | 31-3-2016 (₹ માં)<br>3 | 31-3-2017 (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ | | 16,00,000 | 20,00,000 | 4,00,000 | 25 |
| (II) અન્ય આવકો | | 4,00,000 | 3,00,000 | (1,00,000) | (25) |
| **(III) કુલ આવકો (I + II)** | | **20,00,000** | **23,00,000** | **3,00,000** | **15** |
| (IV) ખર્ચાઓ : | | | | | |
| (i) વપરાયેલ માલની પડતર | | 8,00,000 | 9,00,000 | 1,00,000 | 12.5 |
| (ii) પુનઃવેચાણની ચોખ્ખી ખરીદી | | 90,000 | 1,10,000 | 20,000 | 22.22 |
| (iii) સ્ટૉકમાં ફેરફારો | | 50,000 | 50,000 | – | – |
| (iv) કર્મચારી લાભનાં ખર્ચા | | 90,000 | 1,20,000 | 30,000 | 33.33 |
| (v) નાણાકીય પડતરો | | 60,000 | 40,000 | (20,000) | (33.33) |
| (vi) ઘસારો અને માંડી વાળેલ રકમો | | 1,80,000 | 2,70,000 | 90,000 | 50 |
| **કુલ ખર્ચાઓ** | | **12,70,000** | **14,90,000** | **2,20,000** | **17.32** |
| (V) આવકવેરા પહેલાંનો નફો (III − IV) | | 7,30,000 | 8,10,000 | 80,000 | 10.96 |
| (VI) બાદ : આવકવેરો (30 %) | | 2,19,000 | 2,43,000 | 24,000 | 10.96 |
| (VII) આવકવેરા પછીનો નફો (V – VI) | | **5,11,000** | **5,67,000** | **56,000** | **10.96** |

**ઉદાહરણ 5 :** નીચે આપેલ વિગતોનાં આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક તૈયાર કરો.

| વિગતો | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|
| વેચાણની ઊપજો | 15,00,000 | 9,00,000 |
| પુનઃવેચાણ માટેની ચોખ્ખી ખરીદી | 9,00,000 | 6,00,000 |
| સ્ટૉકમાં ફેરફારો | 50,000 | 50,000 |
| અન્ય ખર્ચાઓ (વેચાણ પડતરની ટકાવારી) | 10 | 12 |
| આવકવેરો | 30 % | 30 % |

**નોંધ :** સ્ટૉકમાં ફેરફારો એટલે શરૂઆતના સ્ટૉક અને આખરસ્ટૉકનો તફાવત

(સ્ટૉક ફેરફારો = શરૂનો સ્ટૉક − આખરસ્ટૉક)

જો આ તફાવત ધન હોય તો તફાવતની રકમ વેચેલા માલની પડતરમાં ઉમેરાય છે અથવા ઊપજ હોય તો તેમાંથી બાદ થાય છે. જો તફાવત ઋણ હોય તો તફાવતની રકમ વેચેલ માલની પડતરમાંથી બાદ થાય છે અથવા ઊપજ હોય તો તેમાં ઉમેરાય છે.

**શરૂના સ્ટૉક અને આખરના સ્ટૉકનો વેચેલ માલની પડતર અને ઊપજ સાથેનો સંબંધ**

| વેચેલ માલની પડતર અને ઊપજ \ સંજોગો | શરૂનો સ્ટૉક > આખરસ્ટૉક (ધન તફાવત) | શરૂનો સ્ટૉક < આખરસ્ટૉક (ઋણ તફાવત) |
|---|---|---|
| વેચેલ માલની પડતર | ઉમેરાય | બાદ થાય |
| ઊપજ | બાદ થાય | ઉમેરાય |

દા.ત., ખરીદી ₹ 5,00,000 અને શરૂનો સ્ટૉક અને આખરનો સ્ટૉક અનુક્રમે ₹ 60,000 અને ₹ 40,000 હોય તો વેચેલ માલની પડતર ₹ 5,00,000 + (₹ 60,000 − ₹ 40,000) = ₹ 5,20,000 થાય.

પણ જો શરૂનો અને આખરનો સ્ટૉક અનુક્રમે ₹ 40,000 અને ₹ 60,000 હોય તો વેચેલ માલની પડતર = ₹ 5,00,000 (₹ 40,000 − ₹ 60,000) = ₹ 4,80,000 થાય.

**જવાબ :**

**તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષનું તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક**

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | 31-3-2016 (₹ માં)<br>3 | 31-3-2017 (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ | | 9,00,000 | 15,00,000 | 6,00,000 | 66.67 |
| (II) ખર્ચાઓ : | | | | | |
| (i) પુનઃ વેચાણની ચોખ્ખી ખરીદી | | 6,00,000 | 9,00,000 | 3,00,000 | 50 |
| (ii) સ્ટૉકના ફેરફારો | | 50,000 | 50,000 | − | − |
| (iii) અન્ય ખર્ચાઓ | | 78,000 | 95,000 | 17,000 | 21.79 |
| **કુલ ખર્ચાઓ** | | **7,28,000** | **10,45,000** | **3,17,000** | **43.54** |
| (III) આવકવેરા પહેલાનો નફો | | 1,72,000 | 4,55,000 | 2,83,000 | 164.53 |
| (IV) બાદ : આવકવેરો (30 %) | | 51,600 | 1,36,500 | 84,900 | 164.53 |
| (V) આવકવેરા પછીનો નફો | | **1,20,400** | **3,18,500** | **1,98,100** | **164.53** |

**સમજૂતી :** અન્ય ખર્ચાઓ = વેચેલ માલની પડતરની ટકાવારી

∴ વેચેલ માલની પડતર = પુનઃ વેચાણની ચોખ્ખી ખરીદી + સ્ટૉકના ફેરફારો

**2016** = 6,00,000 + 50,000
= 6,50,000
× 12 %
= ₹ 78,000

**2017** = 9,00,000 + 50,000
= 9,50,000
× 10 %
= ₹ 95,000

**ઉદાહરણ 6 :** નીચે આપવામાં આવેલ વિગતોના આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો :

| વિગતો | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|
| વેચાણની ઊપજો | 15,00,000 | 18,00,000 |
| પુનઃવેચાણ માટેની ચોખ્ખી ખરીદી | 6,00,000 | 5,00,000 |
| સ્ટૉકના ફેરફારો | 1,60,000 | 1,00,000 |
| અન્ય ખર્ચાઓ (વેચાણની ટકાવારી) | 45 | 40 |
| અન્ય આવકો (વેચાણની ટકાવારી) | 12 | 10 |
| આવકવેરાનો દર | 30 % | 30 % |

**જવાબ :**

**તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક**

| વિગત | નોંધ નંબર | 31-3-2016 (₹ માં) | 31-3-2017 (₹ માં) | વધારો/ઘટાડો (₹ માં) | વધારો/ઘટાડો (% માં) |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5(4 − 3) | 6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
| (I) વેચાણની ઊપજ | | 18,00,000 | 15,00,000 | (3,00,000) | (16.67) |
| (II) અન્ય આવકો | | 1,80,000 | 1,80,000 | – | – |
| (III) કુલ ઊપજો (I + II) | | 19,80,000 | 16,80,000 | (3,00,000) | (15.15) |
| (IV) ખર્ચાઓ : | | | | | |
| (i) પુનઃ વેચાણ માટેની ચોખ્ખી ખરીદી | | 5,00,000 | 6,00,000 | 1,00,000 | 20 |
| (ii) સ્ટૉકના ફેરફારો | | 1,00,000 | 1,60,000 | 60,000 | 60 |
| (iii) અન્ય ખર્ચાઓ | | 7,20,000 | 6,75,000 | (45,000) | (6.25) |
| **કુલ ખર્ચાઓ** | | **13,20,000** | **14,35,000** | **1,15,000** | **8.71** |
| (V) આવકવેરા પહેલાંનો નફો | | 6,60,000 | 2,45,000 | (4,15,000) | (62.88) |
| (VI) બાદ : આવકવેરો (30 %) | | 1,98,000 | 73,500 | (1,24,500) | (62.88) |
| (VII) આવકવેરા પછીનો નફો | | **4,62,000** | **1,71,500** | **(2,90,500)** | **(62.88)** |

**સમજૂતી :**

| ખર્ચા \ વર્ષ | 2016 | 2017 |
|---|---|---|
| (1) અન્ય ખર્ચા (વેચાણના %) | ₹ 18,00,000ના 40 % = ₹ 7,20,000 | ₹ 15,00,000ના 45 % = ₹ 6,75,000 |
| (2) અન્ય આવકો (વેચાણના %) | ₹ 18,00,000ના 10 % = ₹ 1,80,000 | ₹ 15,00,000ના 12 % = ₹ 1,80,000 |

(b) તુલનાત્મક પાકું સરવૈયું (**Comparative Balance Sheet**) :

**તુલનાત્મક પાકા સરવૈયાનું માળખું**

**તા. ..........નાં રોજનાં પાકાં સરવૈયાં**

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | પાછલું વર્ષ (₹ માં)<br>3 | ચાલુ વર્ષ (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને જવાબદારીઓ** | | | | | |
| (1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો : | | | | | |
| (અ) શૅરમૂડી | | | | | |
| (i) ઈક્વિટી શૅરમૂડી | | | | | |
| (ii) પ્રેફરન્સ શૅરમૂડી | | | | | |
| (બ) અનામતો અને વધારો | | | | | |
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | | | |
| (i) લાંબા ગાળાનાં દેવાં | | | | | |
| (ii) લાંબા ગાળાની જોગવાઈઓ | | | | | |
| (3) ચાલુ જવાબદારીઓ | | | | | |
| (i) ટૂંકા ગાળાનાં ઉછીના નાણાં | | | | | |
| (ii) વેપારી દેવાં | | | | | |
| (iii) અન્ય ચાલુ જવાબદારીઓ | | | | | |
| (iv) ટૂંકા ગાળાની જોગવાઈઓ | | | | | |
| **કુલ** | | | | | |
| **(II) મિલકતો :** | | | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | | | |
| (અ) સ્થિર મિલકતો | | | | | |
| (i) દશ્ય મિલકતો | | | | | |
| (ii) અદશ્ય મિલકતો | | | | | |
| (બ) બિનચાલુ રોકાણો | | | | | |
| (ક) લાંબા ગાળાની લોન અને ધિરાણ | | | | | |
| (ડ) અન્ય બિનચાલુ મિલકતો | | | | | |
| (2) ચાલુ મિલકતો : | | | | | |
| (i) ચાલુ રોકાણો | | | | | |
| (ii) માલસામગ્રી | | | | | |
| (iii) વેપારી લેણાં | | | | | |
| (iv) રોકડ અને રોકડ સમકક્ષ | | | | | |
| (v) ટૂંકા ગાળાની લોન અને ધિરાણો | | | | | |
| (vi) અન્ય ચાલુ મિલકતો | | | | | |
| **કુલ** | | | | | |

**નોંધ :** વિદ્યાર્થીઓ સરળતાથી વિશ્લેષણ અને અર્થઘટન કરી શકે તે હેતુથી પાકા સરવૈયાનાં અગત્યનાં મુખ્ય શીર્ષકોનો જ સમાવેશ કરવામાં આવેલ છે. અન્ય વધારાની માહિતી વિદ્યાર્થીઓ પાસે અપેક્ષિત નથી. પાકા સરવૈયાનાં માળખાં અંગેનો વિગતવાર અભ્યાસ આ અગાઉના પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

**પાકા સરવૈયાનું વિશ્લેષણ :** પાકા સરવૈયામાં બે અગત્યનાં અંગો છે :

(1) ઇક્વિટી અને જવાબદારીઓ અને

(2) મિલકતો

પાકા સરવૈયાના અર્થઘટનના અનુસંધાનમાં આ બંને અંગે નીચે પ્રમાણે સમજૂતી આપી શકાય. આ સમજૂતી અર્થઘટનની પ્રક્રિયાને સરળ બનાવે છે.

| ક્રમ | ઇક્વિટી અને જવાબદારીઓ | મિલકતો |
|---|---|---|
| 1. | નાણાંનાં પ્રાપ્તિસ્થાન દર્શાવે છે. | નાણાંના ઉપયોગો દર્શાવે છે. |
| 2. | નાણાં ક્યાંથી આવ્યાં છે તે દર્શાવે છે. | નાણાં ક્યાં વપરાયાં છે તે દર્શાવે છે. |
| 3. | આ નાણાં ભંડોળની પ્રાપ્તિ કહેવાય છે. | નાણાંનું રોકાણ દર્શાવે છે. |
| 4. | રકમમાં વધારો વધુ નાણાંપ્રાપ્તિ દર્શાવે છે. | રકમમાં વધારો મિલકતોનાં રોકાણમાં વધારો દર્શાવે છે. |
| 5. | રકમમાં ઘટાડો નાણાં પરત કર્યા અથવા જોગવાઈઓનો ઘટાડો દર્શાવે છે. | રકમમાં ઘટાડો બિનચાલુ મિલકતો કે ચાલુ મિલકતોમાં ઘટાડો દર્શાવે છે. |

**પાકા સરવૈયાનું વિશ્લેષણ શું દર્શાવે છે ? (What is Disclosed by Balance Sheet Analysis) :** પાકું સરવૈયું ધંધાકીય એકમની સધ્ધરતા અંગેની માહિતી પૂરી પાડે છે. તુલનાત્મક પાકા સરવૈયાની મદદથી ગયા વર્ષની સરખામણીમાં લાંબા અને ટૂંકા ગાળાની સધ્ધરતામાં વધારો કે ઘટાડો થયો છે તે અંગેની જાણકારી પ્રાપ્ત થાય છે. આ અંગે વિગતે ચર્ચા ગુણોત્તર વિશ્લેષણના પ્રકરણમાં કરવામાં આવેલ છે. ઉપરાંત પાકા સરવૈયાનાં આ પ્રકારનાં વિશ્લેષણ દ્વારા ધંધાકીય એકમના વિસ્તરણનો પણ ખ્યાલ આવે છે.

ટૂંકમાં તુલનાત્મક પાકા સરવૈયા દ્વારા બે સમયગાળા દરમિયાન (i) શૅરમૂડી, (ii) અનામતો અને વધારો, (iii) બિનચાલુ જવાબદારીઓ, (iv) ચાલુ જવાબદારીઓ તેમજ (i) બિનચાલુ મિલકતો, (ii) ચાલુ મિલકતોમાં રૂપિયાના સ્વરૂપે અને ટકાવારીના સ્વરૂપે કેટલો ફેરફાર (વધારો/ઘટાડો) થયો છે તે જાણી શકાય છે. તુલનાત્મક પાકા સરવૈયાની મદદથી તેના તમામ ભાગોનું વલણ

– સ્થિર છે

– પરિવર્તનશીલ છે

– ઘટાડાનું છે

– વધારાનું છે વગેરે તે અંગેની જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.

**ઉદાહરણ 7 :** સ્ટાર્ટ અપ ઇન્ડિયા કંપની લિમિટેડનાં તા. 31-3-2016 અને 31-3-2017નાં પાકાં સરવૈયાંઓ પરથી તુલનાત્મક પાકું સરવૈયું તૈયાર કરો.

**તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજનાં પાકાં સરવૈયાં**

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને જવાબદારીઓ** | | | |
| (1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો : | | | |
| (અ) શૅરમૂડી | | | |
| (i) ઈક્વિટી શૅરમૂડી | | 12,00,000 | 10,00,000 |
| (ii) પ્રેફરન્સ શૅરમૂડી | | 5,00,000 | 5,00,000 |
| (બ) અનામતો અને વધારો | | | |
| નફા-નુકસાન ખાતું | | 1,80,000 | 1,00,000 |
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | |
| 10 %ના ડિબેન્ચર્સ | | 2,50,000 | 2,00,000 |
| (3) ચાલુ જવાબદારીઓ | | | |
| (i) ટૂંકા ગાળાનાં ઉછીના નાણાં | | 62,500 | 50,000 |
| (ii) વેપારી દેવાં | | 40,000 | 40,000 |
| (iii) ટૂંકા ગાળાની જોગવાઈઓ | | 72,000 | 60,000 |
| **કુલ** | | **23,04,500** | **19,50,000** |
| **(II) મિલકતો :** | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | |
| (અ) સ્થિર મિલકતો | | | |
| (i) દૃશ્ય મિલકતો | | 10,00,000 | 8,00,000 |
| (ii) અદૃશ્ય મિલકતો | | 6,25,000 | 5,00,000 |
| (બ) લાંબા ગાળાનાં રોકાણો | | 3,79,500 | 4,00,000 |
| (2) ચાલુ મિલકતો | | 3,00,000 | 2,50,000 |
| **કુલ** | | **23,04,500** | **19,50,000** |

જવાબ :

**સ્ટાર્ટ અપ ઇન્ડિયા લિમિટેડનાં તા. 31-3-2016 અને 31-3-2017નાં તુલનાત્મક પાકાં સરવૈયાં**

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | 31-3-2016 (₹ માં)<br>3 | 31-3-2017 (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને જવાબદારીઓ** | | | | | |
| (1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો : | | | | | |
| (અ) શૅરમૂડી | | | | | |
| (i) ઈક્વિટી શૅરમૂડી | | 10,00,000 | 12,00,000 | 2,00,000 | 20 |
| (ii) પ્રેફરન્સ શૅરમૂડી | | 5,00,000 | 5,00,000 | – | – |
| (બ) અનામતો અને વધારો | | | | | |
| નફા-નુકસાન ખાતું | | 1,00,000 | 1,80,000 | 80,000 | 80 |

| વિગત<br><br>1 | નોંધ નંબર<br><br>2 | 31-3-2016 (₹ માં)<br><br>3 | 31-3-2017 (₹ માં)<br><br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br><br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br><br>6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | | | |
| 10 %ના ડિબેન્ચર્સ | | 2,00,000 | 2,50,000 | 50,000 | 25 |
| (3) ચાલુ જવાબદારીઓ | | | | | |
| (i) ટૂંકા ગાળાનાં ઉછીના નાણાં | | 50,000 | 62,500 | 12,500 | 25 |
| (ii) વેપારી દેવાં | | 40,000 | 40,000 | – | – |
| (iii) ટૂંકા ગાળાની જોગવાઈઓ | | 60,000 | 72,000 | 12,000 | 20 |
| **કુલ** | | **19,50,000** | **23,04,500** | **3,54,500** | **18.18** |
| **(II) મિલકતો :** | | | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | | | |
| (અ) સ્થિર મિલકતો | | | | | |
| (i) દૃશ્ય મિલકતો | | 8,00,000 | 10,00,000 | 2,00,000 | 25 |
| (ii) અદૃશ્ય મિલકતો | | 5,00,000 | 6,25,000 | 1,25,000 | 25 |
| (બ) લાંબા ગાળાનાં રોકાણો | | 4,00,000 | 3,79,500 | (20,500) | (5.13) |
| (2) ચાલુ મિલકતો : | | 2,50,000 | 3,00,000 | 50,000 | 20 |
| **કુલ** | | **19,50,000** | **23,04,500** | **3,54,500** | **18.18** |

**નોંધ :** ઘટાડાની રકમ કૌંસમાં દર્શાવેલ છે. જે ઋણ વલણ દર્શાવે છે.

**સમજૂતી :** (1) પાકા સરવૈયાની બે બાજુઓ હોય છે : ઇક્વિટી-જવાબદારી અને મિલકતો. અનુક્રમે એક તરફ ક્યાંથી મૂડી આવી છે તે જાણવા મળે છે જ્યારે બીજી બાજુ મૂડી ક્યાં રોકાઈ છે તે જાણવા મળે છે. તેથી આ બંને બાજુઓનો સરવાળો સરખો હોય છે. તેવી જ રીતે તુલનાત્મક પત્રકોમાં ઇક્વિટી-જવાબદારી બાજુના ફેરફારની કુલ રકમ અને મિલકતોના ફેરફારની કુલ રકમ હંમેશાં સરખી હોય છે. (2) આ ફેરફાર ધન હોય તો બંને બાજુ ધન હોય અને ઋણ હોય તો બંને બાજુ ઋણ આવે. અહીં ફેરફાર ₹ 3,54,500 છે, જે ધન રકમ છે જે ગયા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે વધારો સૂચવે છે. જે બંને બાજુ ₹ 3,54,500 છે. (3) આ જ રીતે કુલ ટકાવારીમાં પણ ફેરફાર બંને બાજુ સરખો હોય છે. અહીં ટકાવારીમાં ફેરફાર 18.18 % છે. (4) વિશ્લેષણની પ્રક્રિયા ડાબી બાજુથી જમણી બાજુ તરફની છે, તેથી આ વિશ્લેષણ આડું વિશ્લેષણ (Horizontal Analysis) કહેવાય છે.

**ઉદાહરણ 8 :** સ્કિલ ઇન્ડિયા કંપની લિમિટેડના તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજનાં પાકાં સરવૈયાં નીચે પ્રમાણે આપ્યાં છે. તેના આધારે તુલનાત્મક પાકાં સરવૈયાં તૈયાર કરો.

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|---|
| **(I) ઇક્વિટી અને જવાબદારીઓ** | | | |
| (1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો : | | | |
| (અ) શૅરમૂડી | | | |
| (i) ઇક્વિટી શૅરમૂડી | | 30,00,000 | 25,00,000 |
| (ii) પ્રેફરન્સ શૅરમૂડી | | 10,00,000 | 15,00,000 |

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|---|
| (બ) અનામતો અને વધારો | | | |
| (i) સામાન્ય અનામત | | 3,00,000 | 5,00,000 |
| (ii) નફા-નુકસાન ખાતું | | 6,00,000 | 8,00,000 |
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | |
| 10 %ની બૅન્ક લોન | | 12,00,000 | 10,00,000 |
| (3) ચાલુ જવાબદારીઓ | | | |
| (i) ટૂંકા ગાળાનાં ઉછીના નાણાં | | 1,50,000 | 3,00,000 |
| (ii) વેપારી દેવાં | | 70,000 | 1,00,000 |
| (iii) અન્ય ચાલુ જવાબદારીઓ | | 1,80,000 | 1,00,000 |
| **કુલ** | | **65,00,000** | **68,00,000** |
| **(II) મિલકતો :** | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | |
| (અ) સ્થિર મિલકતો | | | |
| (i) દૃશ્ય મિલકતો : જમીન-મકાન | | 13,50,000 | 20,00,000 |
| યંત્રો | | 22,50,000 | 18,00,000 |
| (ii) અદૃશ્ય મિલકતો : પેટન્ટ | | 14,00,000 | 12,00,000 |
| (બ) બિનચાલુ રોકાણો | | 10,00,000 | 8,00,000 |
| (2) ચાલુ મિલકતો : | | | |
| (i) માલસામાન | | 2,00,000 | 4,00,000 |
| (ii) ચાલુ રોકાણો | | 1,50,000 | 3,00,000 |
| (iii) વેપારી લેણાં | | 50,000 | 2,00,000 |
| (iv) રોકડ અને રોકડ સમકક્ષ | | 1,00,000 | 1,00,000 |
| **કુલ** | | **65,00,000** | **68,00,000** |

**જવાબ :**

## સ્કિલ ઇન્ડિયા લિમિટેડનાં તા. 31-3-2016 અને 31-3-2017નાં તુલનાત્મક પાકાં સરવૈયાં

| વિગત 1 | નોંધ નંબર 2 | 31-3-2016 (₹ માં) 3 | 31-3-2017 (₹ માં) 4 | વધારો/ઘટાડો (₹ માં) 5(4 − 3) | વધારો/ઘટાડો (% માં) 6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| **(I) ઇક્વિટી અને જવાબદારીઓ** | | | | | |
| (1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો : | | | | | |
| (અ) શૅરમૂડી | | | | | |
| (i) ઇક્વિટી શૅરમૂડી | | 25,00,000 | 30,00,000 | 5,00,000 | 20 |
| (ii) પ્રેફરન્સ શૅરમૂડી | | 15,00,000 | 10,00,000 | (5,00,000) | (33.33) |
| (બ) અનામતો અને વધારો | | | | | |
| (i) સામાન્ય અનામત | | 5,00,000 | 3,00,000 | (2,00,000) | (40) |
| (ii) નફા-નુકસાન ખાતું | | 8,00,000 | 6,00,000 | (2,00,000) | (25) |

| વિગત 1 | નોંધ નંબર 2 | 31-3-2016 (₹ માં) 3 | 31-3-2017 (₹ માં) 4 | વધારો/ઘટાડો (₹ માં) 5(4 − 3) | વધારો/ઘટાડો (% માં) 6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | | | |
| 10 %ની બૅન્ક લોન | | 10,00,000 | 12,00,000 | 2,00,000 | 20 |
| (3) ચાલુ જવાબદારીઓ | | | | | |
| (i) ટૂંકા ગાળાનાં ઉછીના નાણાં | | 3,00,000 | 1,50,000 | (1,50,000) | (50) |
| (ii) વેપારી દેવાં | | 1,00,000 | 70,000 | (30,000) | (30) |
| (iii) અન્ય ચાલુ જવાબદારીઓ | | 1,00,000 | 1,80,000 | 80,000 | 80 |
| **કુલ** | | **68,00,000** | **65,00,000** | **(3,00,000)** | **(4.411)** |
| **(II) મિલકતો :** | | | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | | | |
| (અ) સ્થિર મિલકતો | | | | | |
| (i) દૃશ્ય : જમીન-મકાન | | 20,00,000 | 13,50,000 | (6,50,000) | (32.5) |
| યંત્રો | | 18,00,000 | 22,50,000 | 4,50,000 | 25 |
| (ii) અદૃશ્ય : | | | | | |
| પેટન્ટ | | 12,00,000 | 14,00,000 | 2,00,000 | 16.67 |
| (બ) બિનચાલુ રોકાણો | | 8,00,000 | 10,00,000 | 2,00,000 | 25 |
| (2) ચાલુ મિલકતો : | | | | | |
| (i) માલસામગ્રી | | 4,00,000 | 2,00,000 | (2,00,000) | (50) |
| (ii) ચાલુ રોકાણો | | 3,00,000 | 1,50,000 | (1,50,000) | (50) |
| (iii) વેપારી લેણાં | | 2,00,000 | 50,000 | (1,50,000) | (75) |
| (iv) રોકડ અને રોકડ સમકક્ષ | | 1,00,000 | 1,00,000 | – | – |
| **કુલ** | | **68,00,000** | **65,00,000** | **(3,00,000)** | **(4.411)** |

**ખૂટતી વિગતો અંગેનાં તુલનાત્મક પત્રકો અંગેનાં ઉદાહરણો :**

ખૂટતી વિગતોમાં બે પ્રકારની વિગતો શોધવામાં આવી શકે :

(1) પાછલા વર્ષની રકમ અને ફેરફારની ટકાવારીના આધારે ચાલુ વર્ષની રકમ અને ફેરફારની રકમ શોધવા માટે નીચે પ્રમાણેનાં સૂત્રોનો ઉપયોગ કરી શકાય :

$$\text{ચાલુ વર્ષની રકમ} = \text{પાછલા વર્ષની રકમ} \times \frac{(100 + \text{ફેરફારની ટકાવારી})}{100}$$ **અથવા**

$$\text{ફેરફારની રકમ} = \text{પાછલા વર્ષની રકમ} \times \frac{\text{ફેરફારની ટકાવારી}}{100}$$

(2) ચાલુ વર્ષની રકમ અને ફેરફારની ટકાવારીના આધારે પાછલા વર્ષની રકમ અને ફેરફારની રકમ શોધવા માટે નીચે પ્રમાણેનાં સૂત્રોનો ઉપયોગ કરી શકાય :

$$\text{પાછલા વર્ષની રકમ} = \text{ચાલુ વર્ષની રકમ} \times \frac{100}{(100 + \text{ફેરફારની ટકાવારી})}$$ **અથવા**

$$\text{ફેરફારની રકમ} = \text{ચાલુ વર્ષની રકમ} \times \frac{\text{ફેરફારની ટકાવારી}}{(100 + \text{ફેરફારની ટકાવારી})}$$

**ઉદાહરણ 9 :** ફિરોઝ લિમિટેડનાં નીચે આપેલાં તુલનાત્મક પત્રકની ખૂટતી વિગતો શોધો અને નવું તુલનાતમક પત્રક બનાવો.

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | 31-3-2016 (₹ માં)<br>3 | 31-3-2017 (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3}\times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ | | 7,20,000 | ? | ? | 35 |
| (II) ખર્ચાઓ : | | | | | |
| (i) ખરીદી | | 4,00,000 | ? | ? | 100 |
| (ii) સ્ટૉકમાં ફેરફારો | | 40,000 | ? | ? | (200) |
| (iii) ઘસારો | | 40,000 | ? | ? | 55 |
| **કુલ ખર્ચાઓ** | | **4,80,000** | **?** | **?** | **71.25** |
| (III) આવકવેરા પહેલાંનો નફો | | 2,40,000 | ? | ? | (37.5) |
| (IV) બાદ : આવકવેરો (30 %) | | 72,000 | ? | ? | (37.5) |
| (V) આવકવેરા પછીનો નફો | | **1,68,000** | **?** | **?** | **(37.5)** |

**જવાબ :**

**નોંધ :** પાછલા વર્ષની રકમ અને ફેરફારની ટકાવારીના આધારે ખૂટતી વિગતો શોધવાની છે.

ચાલુ વર્ષની રકમ = પાછલા વર્ષની રકમ × $\frac{(100 + \text{ફેરફારની ટકાવારી})}{100}$

(i) વેચાણ ઊપજ $= 7{,}20{,}000 \times \frac{(100+35)}{100}$ = ₹ 9,72,000

(ii) ખરીદી $= 4{,}00{,}000 \times \frac{(100+100)}{100}$ = ₹ 8,00,000

(iii) સ્ટૉક $= 40{,}000 \times \frac{(100-200)}{100}$ = ₹ (40,000)

(iv) ઘસારો $= 40{,}000 \times \frac{(100-55)}{100}$ = ₹ 62,000

(v) આવકવેરા પહેલાંનો નફો $= 2{,}40{,}000 \times \frac{(100-37.5)}{100}$ = ₹ 1,50,000

(vi) આવકવેરો $= 72{,}000 \times \frac{(100-37.5)}{100}$ = ₹ 45,000

(vii) આવકવેરા પછીનો નફો $= 1{,}68{,}000 \times \frac{(100-37.5)}{100}$ = ₹ 1,05,000

**ફિરોઝ લિમિટેડનું તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજ પૂરા થતાં વર્ષનું તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક**

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | 31-3-2016 (₹ માં)<br>3 | 31-3-2017 (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3}\times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ | | 7,20,000 | 9,72,000 | 2,52,000 | 35 |
| (II) ખર્ચાઓ : | | | | | |
| (i) ખરીદી | | 4,00,000 | 8,00,000 | 4,00,000 | 100 |
| (ii) સ્ટૉકમાં ફેરફારો | | 40,000 | (40,000) | (80,000) | (200) |
| (iii) ઘસારો | | 40,000 | 62,000 | 22,000 | 55 |
| **કુલ ખર્ચાઓ** | | **4,80,000** | **8,22,000** | **3,42,000** | **71.25** |
| (III) આવકવેરા પહેલાંનો નફો | | 2,40,000 | 1,50,000 | (90,000) | (37.5) |
| (IV) બાદ : આવકવેરો (30 %) | | 72,000 | 45,000 | (27,000) | (37.5) |
| (V) આવકવેરા પછીનો નફો | | **1,68,000** | **1,05,000** | **(63,000)** | **(37.5)** |

**ઉદાહરણ 10 :** ડોલી લિમિટેડનાં તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજ પૂરાં થતાં વર્ષનાં નફા-નુકસાન પત્રકોનું તુલનાત્મક પત્રક પૂર્ણ કરો.

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | 31-3-2016 (₹ માં)<br>3 | 31-3-2017 (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3}\times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ | | ? | 10,00,000 | ? | 25 |
| (II) અન્ય આવકો | | ? | 4,00,000 | ? | 100 |
| (III) **કુલ આવકો (I + II)** | | ? | **14,00,000** | ? | **40** |
| (IV) ખર્ચાઓ | | ? | 4,00,000 | ? | 100 |
| (V) આવકવેરા પહેલાંનો નફો | | ? | 10,00,000 | ? | 25 |
| (VI) બાદ : આવકવેરો (30 %) | | ? | 3,00,000 | ? | 25 |
| (VII) આવકવેરા પછીનો નફો | | ? | **7,00,000** | ? | 25 |

**જવાબ : નોંધ :** ચાલુ વર્ષની રકમ અને ફેરફારની ટકાવારીના આધારે ખૂટતી વિગતો શોધવાની છે.

$$\text{પાછલા વર્ષની રકમ} = \text{ચાલુ વર્ષની રકમ} \times \frac{100}{(100 + \text{ફેરફારની ટકાવારી})}$$

(i) વેચાણની ઊપજ $= 10,00,000 \times \frac{100}{(100+25)} =$ ₹ 8,00,000

(ii) અન્ય આવકો $= 4,00,000 \times \frac{100}{(100-100)} =$ ₹ 2,00,000

(iii) કુલ આવકો $= 14,00,000 \times \frac{100}{(100-40)}$ = ₹ 10,00,000

(iv) ખર્ચાઓ $= 4,00,000 \times \frac{100}{(100-100)}$ = ₹ 2,00,000

(v) આવકવેરા પહેલાંનો નફો $= 10,00,000 \times \frac{100}{(100+25)}$ = ₹ 8,00,000

(vi) આવકવેરો $= 3,00,000 \times \frac{100}{(100+25)}$ = ₹ 2,40,000

(vii) આવકવેરા પછીનો નફો $= 7,00,000 \times \frac{100}{(100-25)}$ = ₹ 5,60,000

**અથવા**

ફેરફારની રકમ = ચાલુ વર્ષની રકમ × $\frac{\text{ફેરફારની ટકાવારી}}{(100 + \text{ફેરફારની ટકાવારી})}$

ફેરફારની રકમ = $10,00,000 \times \frac{25}{125}$ = ₹ 2,00,000

∴ પાછલા વર્ષની રકમ = ચાલુ વર્ષની રકમ − ફેરફારની રકમ

= 10,00,000 − 2,00,000

= ₹ 8,00,000

આમ, દરેક ઘટકની રકમ ઉપર મુજબ શોધી શકાય.

**ડોલી લિમિટેડનું તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજ પૂરાં થતાં વર્ષનાં નફા-નુકસાન પત્રકનું તુલનાત્મક પત્રક**

| વિગત<br>1 | નોંધ નંબર<br>2 | 31-3-2016 (₹ માં)<br>3 | 31-3-2017 (₹ માં)<br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br>6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ | | 8,00,000 | 10,00,000 | 2,00,000 | 25 |
| (II) અન્ય આવકો | | 2,00,000 | 4,00,000 | 2,00,000 | 100 |
| (III) **કુલ આવકો** | | **10,00,000** | **14,00,000** | **4,00,000** | **40** |
| (IV) ખર્ચાઓ | | 2,00,000 | 4,00,000 | 2,00,000 | 100 |
| (V) આવકવેરા પહેલાંનો નફો | | 8,00,000 | 10,00,000 | 2,00,000 | 25 |
| (VI) બાદ : આવકવેરો (30 %) | | 2,40,000 | 3,00,000 | 60,000 | 25 |
| (VII) આવકવેરા પછીનો નફો | | **5,60,000** | **7,00,000** | **1,40,000** | **25** |

**ઉદાહરણ 11 :** રેશમા કંપની લિમિટેડનાં તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજના પાકાં સરવૈયાંનું તુલનાત્મક પત્રક પૂર્ણ કરો.

| વિગત 1 | નોંધ નંબર 2 | 31-3-2016 (₹ માં) 3 | 31-3-2017 (₹ માં) 4 | વધારો/ઘટાડો (₹ માં) 5(4 − 3) | વધારો/ઘટાડો (% માં) 6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને જવાબદારીઓ** | | | | | |
| (1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો : | | | | | |
| (અ) શૅરમૂડી | | | | | |
| (i) ઈક્વિટી શૅરમૂડી | | ? | 12,00,000 | ? | 20 |
| (ii) પ્રેફરન્સ શૅરમૂડી | | ? | 10,50,000 | ? | 50 |
| (બ) અનામતો અને વધારો | | ? | 5,00,000 | ? | 66.67 |
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | | | |
| 10 %ના ડિબેન્ચર્સ | | ? | 4,50,000 | ? | 12.5 |
| (3) ચાલુ જવાબદારીઓ | | ? | 2,00,000 | ? | 33.33 |
| **કુલ** | | **?** | **34,00,000** | **?** | **33.33** |
| **(II) મિલકતો :** | | | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | | | |
| (અ) સ્થિર મિલકતો | | | | | |
| (i) દશ્ય મિલકતો | | 12,00,000 | ? | ? | 41.67 |
| (ii) અદશ્ય મિલકતો | | 11,00,000 | ? | ? | 18.18 |
| (2) ચાલુ મિલકતો | | 2,50,000 | ? | ? | 60 |
| **કુલ** | | **25,50,000** | **?** | **?** | **33.33** |

**જવાબ :**

(I) ઈક્વિટી જવાબદારી બાજુ : ચાલુ વર્ષની રકમ અને ફેરફારની ટકાવારીના આધારે ખૂટતી વિગતો શોધવાની છે.

પાછલા વર્ષની રકમ = ચાલુ વર્ષની રકમ × $\frac{100}{(100 + \text{ફેરફારની ટકાવારી})}$

(i) ઈક્વિટી શૅરમૂડી = 12,00,000 × $\frac{100}{100 + 20}$ = ₹ 10,00,000

(ii) પ્રેફરન્સ શૅરમૂડી = 10,50,000 × $\frac{100}{100 + 50}$ = ₹ 7,00,000

(iii) અનામતો અને વધારો = 5,00,000 × $\frac{100}{100 + 66.66}$ = ₹ 3,00,000

(iv) 10 %ના ડિબેન્ચર્સ = 4,50,000 × $\frac{100}{100 + 12.50}$ = ₹ 4,00,000

(v) ચાલુ જવાબદારીઓ = 2,00,000 × $\frac{100}{100 + 33.33}$ = ₹ 1,50,000

(II) મિલકતો બાજુ : પાછલા વર્ષની રકમ અને ફેરફારની ટકાવારીનાં આધારે ખૂટતી વિગતો શોધવાની છે.

$$\text{ચાલુ વર્ષની રકમ} = \text{પાછલા વર્ષની રકમ} \times \frac{(100 + \text{ફેરફારની ટકાવારી})}{100}$$

(i) દશ્ય મિલકતો $= 12{,}00{,}000 \times \frac{(100 + 41.66...)}{100}$ = ₹ 17,00,000

(ii) અદશ્ય મિલકતો $= 11{,}00{,}000 \times \frac{(100 + 18.1818...)}{100}$ = ₹ 13,00,000

(iii) ચાલુ મિલકતો $= 2{,}50{,}000 \times \frac{(100 + 60)}{100}$ = ₹ 4,00,000

**રેશમા કંપની લિમિટેડનાં તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજનાં**
**પાકાં સરવૈયાંનું તુલનાત્મક પત્રક**

| વિગત | નોંધ નંબર | 31-3-2016 (₹ માં) | 31-3-2017 (₹ માં) | વધારો/ઘટાડો (₹ માં) | વધારો/ઘટાડો (% માં) |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5(4 − 3) | 6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
| **(I) ઇક્વિટી અને જવાબદારીઓ** | | | | | |
| (1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો : | | | | | |
| (અ) શૅરમૂડી | | | | | |
| (i) ઇક્વિટી શૅરમૂડી | | 10,00,000 | 12,00,000 | 2,00,000 | 20 |
| (ii) પ્રેફરન્સ શૅરમૂડી | | 7,00,000 | 10,50,000 | 3,50,000 | 50 |
| (બ) અનામતો અને વધારો | | 3,00,000 | 5,00,000 | 2,00,000 | 66.67 |
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | | | |
| 10 %ના ડિબેન્ચર્સ | | 4,00,000 | 4,50,000 | 50,000 | 12.5 |
| (3) ચાલુ જવાબદારીઓ | | 1,50,000 | 2,00,000 | 50,000 | 33.33 |
| **કુલ** | | **25,50,000** | **34,00,000** | **8,50,000** | **33.33** |
| **(II) મિલકતો :** | | | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | | | |
| (અ) સ્થિર મિલકતો | | | | | |
| (i) દશ્ય મિલકતો | | 12,00,000 | 17,00,000 | 5,00,000 | 41.67 |
| (ii) અદશ્ય મિલકતો | | 11,00,000 | 13,00,000 | 2,00,000 | 18.18 |
| (2) ચાલુ મિલકતો | | 2,50,000 | 4,00,000 | 1,50,000 | 60 |
| **કુલ** | | **25,50,000** | **34,00,000** | **8,50,000** | **33.33** |

**ઉદાહરણ 12 :** ભારત કંપની લિમિટેડના તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજનાં પાકાં સરવૈયાંનું તુલનાત્મક પત્રક પૂર્ણ કરો.

| વિગત<br><br>1 | નોંધ નંબર<br><br>2 | 31-3-2016 (₹ માં)<br><br>3 | 31-3-2017 (₹ માં)<br><br>4 | વધારો/ઘટાડો (₹ માં)<br><br>5(4 − 3) | વધારો/ઘટાડો (% માં)<br><br>6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને જવાબદારીઓ** | | | | | |
| (1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો : | | | | | |
| (અ) શૅરમૂડી | | 15,00,000 | ? | ? | (20) |
| (બ) અનામતો અને વધારો | | 6,00,000 | ? | ? | 33.33 |
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | | | |
| બૅન્ક લોન | | 8,00,000 | ? | ? | (25) |
| (3) ચાલુ જવાબદારીઓ | | 2,00,000 | ? | ? | 25 |
| **કુલ** | | **31,00,000** | **?** | **?** | **?** |
| **(II) મિલકતો :** | | | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | | | |
| (અ) સ્થિર મિલકતો | | | | | |
| (i) દશ્ય મિલકતો | | ? | 8,00,000 | ? | (33.33) |
| (ii) અદશ્ય મિલકતો | | ? | 8,00,000 | ? | 33.33 |
| (બ) બિનચાલુ રોકાણો | | ? | 8,50,000 | ? | (15) |
| (2) ચાલુ મિલકતો | | ? | 4,00,000 | ? | 33.33 |
| **કુલ** | | **?** | **28,50,000** | **?** | **?** |

**જવાબ :**

(I) ઈક્વિટી-જવાબદારી બાજુ : પાછલા વર્ષની રકમ અને ફેરફારની ટકાવારીના આધારે ખૂટતી રકમ શોધાશે.

ચાલુ વર્ષની રકમ = પાછલા વર્ષની રકમ × $\frac{(100 + \text{ફેરફારની ટકાવારી})}{100}$

(i) શૅરમૂડી $= 15,00,000 \times \frac{(100 + (-20))}{100}$ = ₹ 12,00,000

(ii) અનામત અને વધારો $= 6,00,000 \times \frac{(100 + 33.33)}{100}$ = ₹ 8,00,000

(iii) બિનચાલુ જવાબદારીઓ $= 8,00,000 \times \frac{(100 + (-25))}{100}$ = ₹ 6,00,000

(iv) ચાલુ જવાબદારીઓ $= 2,00,000 \times \frac{(100 + 25)}{100}$ = ₹ 2,50,000

(II) મિલકતો બાજુ : ચાલુ વર્ષની રકમ અને ફેરફારની ટકાવારીના આધારે ખૂટતી રકમ શોધાશે.

પાછલા વર્ષની રકમ = ચાલુ વર્ષની રકમ × $\frac{100}{(100 + \text{ફેરફારની ટકાવારી})}$

(i) દશ્ય મિલકતો $= 8,00,000 \times \frac{100}{100 + (-33.33)}$ = ₹ 12,00,000

(ii) અદૃશ્ય મિલકતો $= 8,00,000 \times \frac{100}{100 + 33.33}$ = ₹ 6,00,000

(iii) બિનચાલુ રોકાણો $= 8,50,000 \times \frac{100}{100 - (-15)}$ = ₹ 10,00,000

(iv) ચાલુ મિલકતો $= 4,00,000 \times \frac{100}{100 + 33.33}$ = ₹ 3,00,000

**ભારત કંપની લિમિટેડનાં તા. 31-3-2016 અને તા. 31-3-2017નાં રોજનાં**

**પાકાં સરવૈયાંનું તુલનાત્મક પત્રક**

| વિગત 1 | નોંધ નંબર 2 | 31-3-2016 (₹ માં) 3 | 31-3-2017 (₹ માં) 4 | વધારો/ઘટાડો (₹ માં) 5(4 − 3) | વધારો/ઘટાડો (% માં) 6 $\left(\frac{5}{3} \times 100\right)$ |
|---|---|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને જવાબદારીઓ** | | | | | |
| (1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો : | | | | | |
| (અ) શૅરમૂડી | | 15,00,000 | 12,00,000 | (3,00,000) | (20) |
| (બ) અનામતો અને વધારો | | 6,00,000 | 8,00,000 | 2,00,000 | 33.33 |
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | | | |
| બૅન્ક લોન | | 8,00,000 | 6,00,000 | (2,00,000) | (25) |
| (3) ચાલુ જવાબદારીઓ | | 2,00,000 | 2,50,000 | 50,000 | 25 |
| **કુલ** | | **31,00,000** | **28,50,000** | **(2,50,000)** | **(8.06)** |
| **(II) મિલકતો :** | | | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | | | |
| (અ) સ્થિર મિલકતો | | | | | |
| (i) દૃશ્ય મિલકતો | | 12,00,000 | 8,00,000 | (4,00,000) | (33.33) |
| (ii) અદૃશ્ય મિલકતો | | 6,00,000 | 8,00,000 | 2,00,000 | 33.33 |
| (બ) બિનચાલુ રોકાણો | | 10,00,000 | 8,50,000 | (1,50,000) | (15) |
| (2) ચાલુ મિલકતો | | 3,00,000 | 4,00,000 | 1,00,000 | 33.33 |
| **કુલ** | | **31,00,000** | **28,50,000** | **(2,50,000)** | **(8.06)** |

## 15. સમાન માપનાં પત્રકો (Common Size Statements)

આ સાધન દ્વારા પણ નાણાકીય પત્રકોનું વિશ્લેષણ કરી શકાય છે. આ પદ્ધતિની મદદથી બે અથવા બેથી વધુ વર્ષોનાં નફા-નુકસાનનાં પત્રકો તેમજ બે અથવા બેથી વધુ વર્ષોનાં પાકાં સરવૈયાંઓની મદદથી અગાઉનાં વર્ષોનાં નાણાકીય પત્રકોની ચાલુ વર્ષનાં નાણાકીય પત્રકો સાથે સરખામણી કરવામાં આવે છે. ચાલુ વર્ષનાં નફા-નુકસાન પત્રકની પાછલા વર્ષના નફા-નુકસાનના પત્રક સાથે અને ચાલુ વર્ષના પાકા સરવૈયાની પાછલા વર્ષના પાકા સરવૈયા સાથે સરખામણી કરવામાં આવે છે. આ વિશ્લેષણ એ ઊભું વિશ્લેષણ (Vertical Analysis) છે.

આ પદ્ધતિમાં એક આધાર લેવામાં આવે છે. આધારને 100 % તરીકે રાખવામાં આવે છે. નફા-નુકસાનના પત્રકમાં આધાર ચોખ્ખું વેચાણ છે. દરેક ધંધાનો મુખ્ય ઉદ્દેશ મહત્તમ નફો કમાવવાનો હોય છે. નફાનો વધારો (Enhancement in Profit)

મહત્તમ વેચાણ અને ન્યૂનતમ પડતર પર આધારિત છે. વેચાણનાં નિર્માણ માટે ખર્ચાઓ કરવામાં આવે છે. વેચાણનાં દરેક ખર્ચાનું પ્રમાણ કેટલું છે તેની માહિતી આ વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત થાય છે. આ સાધનમાં બે વર્ષનાં પત્રકોનો ઉપયોગ થતો હોવાથી જે-તે ખર્ચાઓનું પ્રમાણ વેચાણ સાથે વધ્યું છે, ઘટ્યું છે કે સ્થિર છે ? તે અંગે માહિતી મળે છે. જો વેચાણ સામે ખર્ચાઓનું પ્રમાણ (ટકાવારી) વધ્યું હોય તો તે અંગેનાં કારણો જાણવામાં આવે છે અને તે અંગે જરૂરી પગલાંઓ લેવામાં આવે છે, જેથી નફાના મહત્તમીકરણનો ઉદ્દેશ પ્રાપ્ત કરી શકાય. દરેક વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકમાં વેચાણ = 100 % હોય છે. અહીં નફા-નુકસાનનાં પત્રકની અન્ય બાબતોની વેચાણ સાથેની ટકાવારી શોધવામાં આવે છે. દા.ત., 2016માં વેચાણ ₹ 20 લાખ છે. ખરીદી ₹ 8 લાખ છે. અન્ય ખર્ચા ₹ 4 લાખ છે. તો અહીં ખરીદી અને અન્ય ખર્ચાની વેચાણ સાથેની ટકાવારી અનુક્રમે ($\frac{8}{20} \times 100 = 40$ % ખરીદી માટે), $\frac{4}{20} \times 100 = 20$ % અન્ય ખર્ચા માટે) 40 % અને 20 % કહેવાય. 2017માં વેચાણ ₹ 18 લાખ ધારો. જેમાં ખરીદી અને અન્ય ખર્ચા અનુક્રમે ₹ 6 લાખ અને 3 લાખ હોય તો તેમની વેચાણ સામેની ટકાવારી અનુક્રમે ($\frac{6}{18} \times 100 = 33\frac{1}{3}$ % અને $\frac{3}{18} \times 100 = 16.67$ %) $33\frac{1}{3}$ % અને 16.67 % કહેવાય.

પાકા સરવૈયામાં આધાર તરીકે પાકા સરવૈયાનો સરવાળો ધ્યાનમાં લેવામાં આવે છે. આ સરવાળાને 100 % ધારવામાં આવે છે. દરેક વર્ષના પાકા સરવૈયાના સરવાળાને 100 %નો આધાર આપવામાં આવે છે. દા.ત., 2016માં મિલકત-લેણાં બાજુનો સરવાળો ₹ 50 લાખ છે. જેમાં બિનચાલુ મિલકતો ₹ 35 લાખ અને ચાલુ મિલકતો ₹ 15 લાખ હોય તો તેમની ટકાવારી અનુક્રમે ($\frac{35}{50} \times 100 = 70$ % અને $\frac{15}{50} \times 100 = 30$ %) 70 % અને 30 % હોય. 2017માં મિલકત-લેણાં બાજુનો સરવાળો ₹ 55 લાખ છે જેમાં બિનચાલુ મિલકતો ₹ 35 લાખ છે અને ચાલુ મિલકતો 20 લાખ હોય તો તેમની ટકાવારી અનુક્રમે ($\frac{35}{55} \times 100 = 63.64$ % અને $\frac{20}{55} \times 100 = 36.36$ %) 63.64 % અને 36.36 % કહેવાય.

**સમાન માપના પત્રકનું માળખું (Structure of Common Size Statement) :** આ પત્રકમાં પણ તુલનાત્મક પત્રકની જેમ છ ખાનાં હોય છે. પ્રથમ ખાનામાં નફા-નુકસાનના પત્રક અને પાકા સરવૈયાનાં વિવિધ અંગોની માહિતી આપવામાં આવે છે.

ત્રીજા અને ચોથા ખાનામાં ગયા વર્ષનાં અને ચાલુ વર્ષનાં ખર્ચા/ઊપજો/દેવાં/મિલકતોની રકમો દર્શાવવામાં આવે છે.

પાંચમા અને છઠ્ઠા ખાનામાં નફા-નુકસાનના પત્રકમાં નફા-નુકસાન પત્રકનાં ઊપજ/ખર્ચની બે વર્ષની ટકાવારી શોધવામાં આવે છે. તેવી જ રીતે પાકા સરવૈયાનાં દરેક દેવાં/મિલકતની બે વર્ષની ટકાવારી શોધવામાં આવે છે. આ બે વર્ષની ટકાવારીઓના તફાવતનો ઉપયોગ વિશ્લેષણ અને અર્થઘટન માટે કરવામાં આવે છે.

ટકાવારી શોધવાનું સૂત્ર :

(1) નફા-નુકસાનના પત્રક માટે : $\frac{\text{જે-તે ખર્ચ/ઊપજની રકમ}}{\text{ચોખ્ખા વેચાણની રકમ}} \times 100$

(2) પાકા સરવૈયા માટે : $\frac{\text{જે-તે દેવા/મિલકતની રકમ}}{\text{જે-તે વર્ષના પાકા સરવૈયાનો સરવાળો}} \times 100$

**નફા-નુકસાન પત્રકનું સમાન માપનું પત્રક :** નીચે પ્રમાણે આ અંગેનું માળખું આપવામાં આવે છે. નફા-નુકસાન પત્રકની વિગતો એમ ને એમ જ દર્શાવવામાં આવે છે. તેમાં બે વર્ષની રકમો દર્શાવવામાં આવે છે. બે કે બેથી વધુ વર્ષોની વિગતો હોય તો સરખામણી શક્ય બને છે. આ અગાઉ જણાવ્યા પ્રમાણે વેચાણને આધાર ગણીને બાકી જે-તે વર્ષની ઊપજો અને ખર્ચાઓની જે-તે વર્ષના વેચાણ સાથે ટકાવારી ગણીને પત્રકમાં દર્શાવવામાં આવે છે. અહીં ઊભા સ્વરૂપે પ્રમાણ શોધવામાં આવે છે. તે બાબત ઉદાહરણ નંબર 13 પરથી સ્પષ્ટ થશે.

નફા-નુકસાન પત્રકનો સમાન માપના પત્રકનો નમૂનો :

**તા. ............ અને ............ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન પત્રકનું સમાન માપનું પત્રક**

| વિગત | નોંધ નંબર | રકમો (₹ માં) | | વેચાણ સાથેની ટકાવારી | |
|---|---|---|---|---|---|
| | | પાછલા વર્ષના આંકડા (₹ માં) | ચાલુ વર્ષના આંકડા (₹ માં) | પાછલા વર્ષની ટકાવારી | ચાલુ વર્ષની ટકાવારી |
| (I) વેચાણની ઊપજ | | | | | |
| (II) અન્ય આવકો | | | | | |
| (III) કુલ (ઊપજો) (I + II) | | | | | |
| (IV) ખર્ચાઓ : | | | | | |
| (i) વેચેલ માલની પડતર | | | | | |
| (ii) પુનઃ વેચાણ માટેની ખરીદી | | | | | |
| (iii) સ્ટૉકમાં ફેરફારો | | | | | |
| (iv) કર્મચારી લાભનાં ખર્ચાઓ | | | | | |
| (v) નાણાકીય ખર્ચાઓ | | | | | |
| (vi) ઘસારો અને માંડી વાળેલ રકમો | | | | | |
| (vii) અન્ય ખર્ચાઓ | | | | | |
| **કુલ ખર્ચાઓ** | | | | | |
| (V) આવકવેરા પહેલાંનો નફો | | | | | |
| (VI) બાદ : આવકવેરો | | | | | |
| (VII) આવકવેરા પછીનો નફો | | | | | |

**ઉદાહરણ 13 :** નીચે આપેલાં નફા-નુકસાનનાં પત્રકોનાં આધારે નફા-નુકસાનનાં સમાન માપનાં પત્રકો તૈયાર કરો.

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|---|
| (I) વેચાણની ઊપજ | | 37,50,000 | 30,00,000 |
| (II) ખર્ચાઓ : | | | |
| (i) પુનઃવેચાણ માટેની ખરીદી | | 20,62,500 | 15,00,000 |
| (ii) કર્મચારી લાભનાં ખર્ચાઓ | | 2,50,000 | 3,00,000 |
| (iii) નાણાકીય ખર્ચાઓ | | 2,25,000 | 1,80,000 |
| (iv) ઘસારો અને માંડી વાળેલ રકમો | | 3,00,000 | 2,70,000 |
| **કુલ ખર્ચાઓ** | | **28,37,500** | **22,50,000** |
| (III) આવકવેરા પહેલાંનો નફો | | 9,12,500 | 7,50,000 |
| (IV) બાદ : આવકવેરો 30 % | | 2,73,750 | 2,25,000 |
| (V) આવકવેરા પછીનો નફો | | **6,38,750** | **5,25,000** |

જવાબ :

**તા. 31-3-2016 અને તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું**
**નફા-નુકસાનનું સમાન માપનું પત્રક**

| વિગત | નોંધ નંબર | રકમો (₹ માં) | | વેચાણ સાથેની ટકાવારી | |
|---|---|---|---|---|---|
| | | **31-3-2016 આંકડા (₹ માં)** | **31-3-2017 આંકડા (₹ માં)** | **31-3-2016 ટકાવારી** | **31-3-2017 ટકાવારી** |
| (I) વેચાણની ઊપજ | | 30,00,000 | 37,50,000 | 100 | 100 |
| (II) ખર્ચાઓ : | | | | | |
| (i) પુનઃવેચાણ માટેની ખરીદી | | 15,00,000 | 20,62,500 | 50 | 55 |
| (ii) કર્મચારી લાભનાં ખર્ચાઓ | | 3,00,000 | 2,50,000 | 10 | 6.67 |
| (iii) નાણાકીય ખર્ચાઓ | | 1,80,000 | 2,25,000 | 6 | 6 |
| (iv) ઘસારો અને માંડી વાળેલ રકમો | | 2,70,000 | 3,00,000 | 9 | 8 |
| **કુલ ખર્ચાઓ** | | **22,50,000** | **28,37,500** | **75** | **75.67** |
| (III) આવકવેરા પહેલાંનો નફો | | 7,50,000 | 9,12,500 | 25 | 24.33 |
| (IV) બાદ : આવકવેરો 30 % | | 2,25,000 | 2,73,750 | 7.5 | 7.30 |
| (V) **આવકવેરા પછીનો નફો** | | **5,25,000** | **6,38,750** | **17.5** | **17.03** |

**નોંધ :** આ ઉદાહરણમાં વેચાણ સિવાય અન્ય આવકો આપવામાં આવેલ નથી. તેથી કુલ ખર્ચાઓની ટકાવારી અને આવકવેરા પહેલાંના નફાની ટકાવારી 100 % થાય (2016માં 75 + 25 = 100 અને 2017માં 75.67 + 24.33 = 100). જો વેચાણ સાથે અન્ય આવકો આપવામાં આવેલ હોય ત્યારે 100 %નો તાળો મળતો નથી. આ અંગે આ પછીના ઉદાહરણમાં સમજૂતી આપવામાં આવેલ છે.

**સમજૂતી :** (1) પુનઃવેચાણ માટેની ખરીદી : આ ખર્ચમાં ગયા વર્ષની સરખામણીમાં 5 %નો વધારો થયો છે. આ ખર્ચ વધારાની અસર નફા પર થાય છે અને નફો ઘટે છે. ખર્ચ વધારાનાં કારણો જાણીને જરૂરી પગલાં લેવામાં આવે છે.

(2) કર્મચારીઓને લગતા ખર્ચા, ઘસારો અને માંડી વાળેલ રકમોની ટકાવારીમાં ઘટાડો થયો છે. ખર્ચના ઘટાડાથી નફામાં વધારો થાય છે. નાણાકીય ખર્ચાની ટકાવારીમાં ફેરફાર નથી.

(3) કુલ ખર્ચાઓમાં ગયા વર્ષની સરખામણીમાં નજીવો વધારો થયો છે, જે 0.67 % જેટલો છે.

(4) કુલ ખર્ચનું પ્રમાણ વધવાથી નફો ઘટ્યો છે અને પરિણામે આવકવેરાની ટકાવારીમાં પણ 7.5 %થી ઘટીને 7.30 % થવા પામ્યો છે.

(5) છેલ્લે આવકવેરા પછીના નફામાં ખર્ચાની ટકાવારી વધવાથી ઘટાડો થયો છે, જે 17.5 % ઘટીને 17.03 % થવા પામ્યો છે.

આમ, નફા-નુકસાનનાં સમાન માપનાં પત્રકનાં આધારે ઉપર મુજબ વિશ્લેષણ કરી શકાય.

**ઉદાહરણ 14 :** હિમાની લિમિટેડનાં બે વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે. આ પત્રકોનાં આધારે નફા-નુકસાનનાં સામાન્ય માપનાં પત્રકો તૈયાર કરો.

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹ માં) | 31-3-2016 (₹ માં) |
|---|---|---|---|
| (I) વેચાણની ઊપજો | | 32,00,000 | 28,00,000 |
| (II) અન્ય આવકો | | 6,00,000 | 4,00,000 |
| (III) **કુલ ઊપજો** | | **38,00,000** | **32,00,000** |
| (IV) ખર્ચાઓ : | | | |
| (i) વપરાયેલ માલની પડતર | | 16,80,000 | 14,50,000 |
| (ii) પુનઃવેચાણ માટેની ખરીદી | | 3,00,000 | 2,80,000 |
